


PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત


ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 296
Dt.: 07-07-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa


## ભારત ટેક્સીની સફળતા બાદ હવે શરૂ કરાશે સહકારી જીવન વીમા કંપની: અમિત શાહની મોટી જાહેરાત

### આ કંપની ભારત ટેક્સીની તર્જ પર કાર્ય કરશે અને વીમા ક્ષેત્રમાં સહકારી મંડળીઓની ભાગીદારી વધારશે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં સહકારી ધોરણે ચાલતી ભારત ટેક્સીને મળેલ સફળતા બાદ હવે કેન્દ્ર સરકાર, સહકારી જીવન વીમા કંપનીની સ્થાપના કરશે. સહકારી જીવન વીમા કંપનીની જાહેરાત અમિત શાહ દ્વારા કરવામાં આવી હતી.

આજે સોમવારે, કેન્દ્રીય સહકારીતા પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક સહકારી જીવન વીમા કંપનીની સ્થાપના કરવામાં આવશે. સહકાર મંત્રાલયના પાંચમા સ્થાપના દિવસ નિમિત્તે રાષ્ટ્રીય રાજધાનીમાં એક કાર્યક્રમમાં બોલતા શાહે જણાવ્યું હતું કે, સહકારીતા મંત્રાલયની સ્થાપનાથી ભારતના સહકારી ચળવળમાં નવી ઉર્જાનો સંચાર થયો છે. એક એવી ચળવળ જે કોંગ્રેસ શાસન દરમિયાન અવગણવામાં આવી હતી. સહકાર પ્રધાને ઉલ્લેખ કર્યો હતો કે 'ભારત ટેક્સી' સારું પ્રદર્શન કરી રહી છે અને આગામી બે વર્ષમાં ૫૦૦ શહેરોમાં વિસ્તરણ કરવા માટે તૈયાર છે. અમિત શાહે કહ્યું, ''અમે સહકારી ક્ષેત્રમાં 'ભારત ટેક્સી' ની જેમ જ હવે જીવન વીમા કંપની સ્થાપિત કરીશું.'' આ પહેલ વીમા ક્ષેત્રની અંદર સહકારી મંડળીઓના વિકાસમાં મદદ કરશે. તેમણે ધ્યાન દોર્યું કે ખાતર ક્ષેત્રની સહકારી સંસ્થા IFFCO, જાપાની કંપની સાથે સંયુક્ત સાહસ દ્વારા વીમા વ્યવસાયમાં પહેલેથી જ સંકળાયેલી છે. ભારતમાં આશરે ૮.૫ લાખ સહકારી મંડળીઓ છે. જેની સંયુક્ત સભ્યપદ ૩૦ કરોડથી વધુ છે. અમિત શાહે છેલ્લા પાંચ વર્ષમાં મંત્રાલય દ્વારા લેવામાં આવેલા પગલાં પર પ્રકાશ પાડ્યો, જેમાં સહકારી પ્રણાલીમાં પારદર્શિતા અને વ્યાવસાયિક વ્યવસ્થાપન લાવવાના પ્રયાસોનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે મંત્રાલયે સહકારી ક્ષેત્રનો ડેટાબેઝ બનાવ્યો છે, જે દેશભરમાં સહકારી મંડળીઓના વિસ્તરણને સરળ બનાવશે. શાહે ઉમેર્યું હતું કે ક્ષમતા નિર્માણ માટે ગુજરાતના આણંદમાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી રહી છે, જે માનવ સંસાધન પડકારોનો સામનો કરશે. સહકારી મંડળીઓ વિવિધ ક્ષેત્રોમાં વિસ્તરી છે અને હવે ફક્ત ડેરી, ખાંડ અને ખાતર વ્યવસાયો સુધી મર્યાદિત નથી.

શાહે વિશ્વાસ વ્યકત કર્યો કે સહકારી ક્ષેત્ર ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' (વિકસિત ભારત) ના નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવશે. કેન્દ્રીય મંત્રાલય દ્વારા રાજ્યોના અધિકારક્ષેત્ર પર અતિક્રમણ થવાની ચિંતાઓને સંબોધતા, તેમણે નોંધ્યું કે કોંગ્રેસ શાસિત રાજ્યોએ પણ છેલ્લા પાંચ વર્ષમાં આવી કોઈ દખલગીરીની ફરિયાદ કરી નથી.

શાહે જણાવ્યું કે કેન્દ્રીય સહકારીતા મંત્રાલયનો ઉદ્દેશ્ય રાજ્યના વિષયોમાં દખલ કરવાનો નથી પરંતુ નીતિઓ ઘડવાનો છે. તેમણે ઉમેર્યું કે રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) અને ભારતીય જનતા પાર્ટી (BJP) સરકારોએ ગરીબોના હિતમાં સર્વાંગી વિકાસ માટે સતત કામ કર્યું છે.

## બેઠકમાં લેવાયો મોટો નિર્ણય: રામ મંદિર ટ્રસ્ટમાંથી ચંપત રાયની છુટ્ટી, બજરંગ બાગડા બન્યા નવા મહાસચિવ

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

રામ મંદિરમાં દાન ચોરીના ભારે હોબાળાની વચ્ચે સોમવારે, ૬ જુલાઈના રોજ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બેઠક આયોજિત કરવામાં આવી હતી. આ બેઠકમાં ટ્રસ્ટના પદાધિકારીઓએ ઐતિહાસિક નિર્ણય લેતા વર્તમાન મહાસચિવ ચંપત રાયના રાજીનામાને સત્તાવાર રીતે મંજૂરી આપી દીધી છે. ચંપત રાયની વિદાય સાથે જ ટ્રસ્ટે સર્વસમ્મતિથી વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય મહાસચિવ બજરંગ લાલ બાગડાને રામ મંદિર ટ્રસ્ટના નવા મહાસચિવ બનાવ્યા છે.

રામ મંદિર પરિસરમાંથી મળેલા ગ્રાઉન્ડ રિપોર્ટ અનુસાર, નવનિયુક્ત મહાસચિવ બજરંગ લાલ બાગડા હાલમાં અયોધ્યા રામ મંદિર પરિસર ક્ષેત્રમાં છે. જો કે, તેઓ રણનીતિક અને પ્રશાસનિક કારણોથી ડાયરેક્ટ ટ્રસ્ટની આ બેઠકમાં ભાગ નથી લઈ રહ્યા. કહેવાય છે કે ઔપચારિક પ્રક્રિયાઓ બાદ તેઓ જલદી પોતાનો નવો કાર્યભાર સંભાળી લેશે.

બજરંગ બાગડા રાજસ્થાનના સીકર જિલ્લામાંથી આવે છે. તેમનું પ્રાથમિક શિક્ષણ સરકારી માધ્યમિક વિદ્યાલય, લોસલ (સીકર)માંથી (૧૯૬૧-૧૯૭૦ની વચ્ચે) થયું. બાગડાએ રાજસ્થાન બોર્ડમાંથી સ્ટેટ મેરિટ પ્રાપ્ત કર્યું છે. તેના દમ પર તેમણે નેશનલ મેરિટ સ્કોલરશિપ પણ પ્રાપ્ત કરી. પોતાના શાળાકીય દિવસોમાં તેઓ ફર્સ્ટ ક્લાસ સ્કાઉટ અને પેટ્રોલ લીડર પણ રહ્યા છે. શાળાકીય શિક્ષણ બાદ તેમણે જયપુરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કોલેજ ઓફ કોમર્સમાંથી બી.કોમની ડિગ્રી પ્રાપ્ત કરી. ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટેન્ટ્સ ઓફ ઈન્ડિયામાંથી સીએનો અભ્યાસ પૂરો કર્યો.

વ્યવસાયે ચાર્ટર્ડ અકાઉન્ટેન્ટ હોવાના કારણે બજરંગ બાગડાનું કોર્પોરેટ ફાઈનાન્શિયલ કરિયર ખૂબ જ શાનદાર રહ્યું છે. તેમણે નવેમ્બર ૨૦૦૦થી લઈ ફેબ્રુઆરી ૨૦૦૭થી RITES LTD (રેલ ઈન્ડિયા ટેક્નિકલ એન્ડ ઈકોનોમિક સર્વિસ)ના ડાયરેક્ટર ઓફ ફાઈનાન્સ તરીકે પોતાની સેવાઓ આપેલી છે. ત્યાર બાદ તેમની સફર ભારત સરકારના ખાણ મંત્રાલય હેઠળ આવતા નવરત્ન સાર્વજનિક ઉપક્રમ નેશનલ એલ્યુમિનિયમ કંપની લિમિટેડમાં (NALCO) શરુ થઈ.

બીજી ઈનિંગ્સમાં બજરંગ બાગડાએ પોતાની ઊર્જા સમાજ સેવા અને ગ્રામિણ સશક્તિકરણમાં લગાવી દીધી. વર્ષ ૨૦૧૩થી ૨૦૨૧ સુધી તેમણે એકલ અભિયાનના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કાર્ય કર્યું. તેમના નેતૃત્વમાં આ આંદોલન દેશના ૬૨,૦૦૦થી વધારે ગામડા સુધી પહોંચ્યું. આ અભિયાન અંતર્ગત લગભગ ૫૯,૦૦૦ સ્કૂલ ચલાવવામાં આવી. જેમાંથી લગભગ ૧.૬ મિલિયન (૧૬ લાખ) છાત્રોને શિક્ષણ, સ્વાસ્થ્ય દેખરેખ, કૌશલ વિકાસ અને ગ્રામિણ સશક્તિકરણનો સીધો લાભ મળ્યો.

### પ્રાચીન સમયમાં આ પ્રદેશ 'ધર્મપુરી' તરીકે ઓળખાતો

## જલાલાબાદ હવે પરશુરામ પુરી તરીકે ઓળખાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે ફરી એકવાર ઐતિહાસિક ભૂલો સુધારીને કરીને સનાતન સંસ્કૃતિને પુનર્જીવિત કરવાનો નિર્ણય લીધો છે. લખનૌમાં ૫ કાલિદાસ માર્ગ સ્થિત મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં શાહજહાંપુર જિલ્લાના ઐતિહાસિક તાલુકા 'જલાલાબાદ'નું નામ બદલીને 'પરશુરામ પુરી' રાખવાના પ્રસ્તાવને લીલી ઝંડી આપી દેવાઈ છે. વર્ષો જૂની આ માંગણી પૂરી થતાં જ સ્થાનિક રહીશોમાં ખુશીનો માહોલ છે. ઈતિહાસના પાના ફેરવીએ તો જાણવા મળે છે કે આ પ્રદેશનું પ્રાચીન નામ 'ધર્મપુરી' હતું. જો કે, મુઘલ શાસન દરમિયાન સમ્રાટ જલાલુદ્દીન મુહમ્મદ અકબરના નામ પરથી તેના વહીવટી વડાઓએ આ સ્થળનું નામ બદલીને 'જલાલાબાદ' કરી નાખ્યું હતું, જેનો અર્થ 'જલાલ દ્વારા વસાવેલું શહેર' થાય છે. દિલ્હીથી બંગાળ અને અવધને જોડતા મુખ્ય માર્ગ પર હોવાને કારણે તે મુઘલોનું સૈન્ય મથક પણ બન્યું હતું. 'ભગવાન પરશુરામ જન્મભૂમિ ટ્રસ્ટ' સહિત અનેક સંગઠનો લાંબા સમયથી આ ગુલામીના પ્રતીકને હટાવવા માટે લડત ચલાવી રહ્યા હતા. ગયા વર્ષે જિલ્લા મેજિસ્ટ્રેટ ધર્મેન્દ્ર પ્રતાપ સિંહ દ્વારા મોકલાયેલા પ્રસ્તાવને કેન્દ્રીય ગૃહ મંત્રાલય તરફથી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) મળ્યા બાદ, હવે યોગી કેબિનેટે આ ઐતિહાસિક ભૂલને સુધારી દીધી છે.

પૌરાણિક માન્યતા અનુસાર, આ એ જ પવિત્ર સ્થળ છે જ્યાં ભગવાન પરશુરામનો જન્મ થયો હતો અને તેમણે અહીં વર્ષો સુધી તપસ્યા કરી હતી. ભગવાન પરશુરામનું મૂળ નામ 'રામ' હતું. શિવજી પાસેથી પરશુ એટલે કે કુહાડી મળ્યા પછી તેઓ પરશુરામ કહેવાયા. તેમના આ જન્મસ્થાન પાસે એક તળાવ આવેલું છે, જેનું નામ 'રામતાલ' છે. આ પવિત્ર તળાવના કિનારે જ ભગવાન પરશુરામ અને તેમના માતા રેણુકાજીનું ભવ્ય મંદિર આવેલું છે. આ સમગ્ર પરિસર 'પરશુરામ ધામ' તરીકે ઓળખાય છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા 'પરશુરામ ધામ'ને સત્તાવાર રીતે પ્રવાસન સ્થળ જાહેર કરવામાં આવ્યું છે અને તેના બ્યુટિફિકેશન માટે અંદાજે રૂપિયા ૨૦ કરોડનું બજેટ ફાળવીને કામ શરૂ કરી દેવાયું છે. આ બેઠકમાં માત્ર નગરના નામકરણને જ નહીં, પરંતુ રાજ્યના વિકાસ અને શિક્ષણ ક્ષેત્રે કુલ ૨૭ જેટલા પ્રસ્તાવોને મંજૂરી અપાઈ હતી.

### NIAએ ચાર્જશીટમાં ખોલી પાકિસ્તાનની પોલ

## પહલગામ આતંકી હુમલા પાછળ હાફિઝ સઈદનો હાથ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ પહલગામ આતંકી હુમલા મામલે પાકિસ્તાની પોલ ખોલી છે.

એજન્સીએ પાકિસ્તાનમાં બેઠેલા આતંકી અને લશ્કર-એ-તૈયબા (LeT)ના વડા હાફિઝ સઈદ વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી દીધી છે. આ મામલો ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ થયેલા ભયાનક પહેલગામ આતંકી હુમલા સાથે જોડાયેલો છે, જેમાં ૨૫ પ્રવાસીઓ અને ૧ સ્થાનિક નાગરિક સહિત કુલ ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

એનઆઈએના જણાવ્યા અનુસાર, હાફિઝ સઈદ પર વ્યક્તિગત રીતે અને પ્રતિબંધિત સંગઠન લશ્કર-એ-તૈયબા તેમજ તેના પ્રોક્સી સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF)ના વડા તરીકે ગુનો નોંધવામાં આવ્યો છે.

તપાસ એજન્સીએ આતંકી સઈદ પર ભારતીય ન્યાય સંહિતા (BNS)-2023 અને યુએપીએ (UAPA)-1967ની ગંભીર ધારાઓ લગાવી છે. તેના પર સરહદ પારથી કાવતરું રચીને ભારત વિરુદ્ધ યુદ્ધ છેડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

આ સપ્લીમેન્ટરી ચાર્જશીટ અગાઉ રજૂ કરાયેલી ૧૫૯૭ પાનાની મુખ્ય ચાર્જશીટનો જ એક ભાગ છે. તેમાં પાકિસ્તાન તરફથી રચાયેલા કાવતરા, હુમલામાં હાફિઝ સઈદની સીધી ભૂમિકા અને એનઆઈએની તપાસ દ્વારા એકત્રિત કરવામાં આવેલા મજબૂત પુરાવાઓની સંપૂર્ણ વિગતો સામેલ કરવામાં આવી છે. એજન્સીએ સ્પષ્ટ કર્યું છે કે આ નવી ચાર્જશીટ અગાઉની તપાસને વધુ મજબૂત બનાવે છે. ગત વર્ષે ડિસેમ્બરમાં પાકિસ્તાન સ્થિત હેન્ડલર સાજિદ જટ્ટ વિરુદ્ધ પણ ચાર્જશીટ દાખલ કરાઈ હતી.

આ સિવાય, જુલાઈ ૨૦૨૫માં ઓપરેશન મહાદેવ દરમિયાન સુરક્ષાબળો દ્વારા ઠાર કરાયેલા ૩ આતંકીઓ અને હાલમાં ધરપકડ કરાયેલા ૨ આરોપીઓ પર પણ આરોપો નક્કી થઈ ચૂક્યા છે. લશ્કર અને ટીઆરએફ સંગઠનોએ જ આ હુમલાનું આખું પ્લાનિંગ કર્યું હતું.

## ભારત માત્ર અમેરિકા સુધી જ મર્યાદિત નથી રહેવા માંગતા: કેન્દ્ર સરકારે પગલા લેવાનું શરૂ કરી દીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોઈપણ સંકટ સમયે દેશમાં રાંધણ ગેસની પર્યાપ્ત આપૂર્તિ સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારે પગલા લેવાનું શરૂ કરી દીધું છે. અમેરિકા-ઈરાન યુદ્ધ દરમિયાન એલપીજી સપ્લાયનો જે સંકટ પેદા થયો હતો, ત્યારબાદ હવે ભારત કોઈ એક દેશ પર અથવા ક્ષેત્ર પર નિર્ભર નથી રહેવા માંગતો. આ જ કારણ છે કે, ખાડી દેશો પર નિર્ભરતા ઘટાડવા માટે હવે ભારત અમેરિકા પાસેથી બમણી LPG ખરીદી કરવા પર વિચાર કરી રહ્યો છે. હાલ ભારત દર વર્ષે અમેરિકા પાસેથી લગભગ ૨૨ લાખ ટન એલપીજી આયાત કરે છે. એક રિપોર્ટ અનુસાર, અમેરિકા સાથે વર્તમાન LPG ખરીદી કોન્ટ્રાક્ટનું પ્રમાણ બમણું કરવામાં આવી શકે છે. ભારત માત્ર અમેરિકા સુધી જ મર્યાદિત નથી રહેવા માંગતો. સરકારી તેલ કંપનીઓ હવે અલ્જીરિયા, અર્જેન્ટિના, નાઈઝીરિયા અને મલેશિયા જેવા અન્ય દેશો પાસેથી પણ એલપીજી ખરીદવાના રસ્તા શોધી રહી છે.ભારતે નવેમ્બર ૨૦૨૫માં અમેરિકા સાથે એક વર્ષની સ્ટ્રક્ચર્ડ ડિલ કરી હતી, જેના હેઠળ ૨૦૨૬માં દેશની કૂલ વાર્ષિક જરૂરિયાતના ૧૦ ટકા એલપીજી અમેરિકાથી આવવાનો હતો. જ્યારે ખાડી દેશોમાંથી આવનારા એલપીજી કાર્ગો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ફસાઈ ગયા હતા, ત્યારે અમેરિકા ભારતનો સૌથી મોટો મદદગાર તરીકે સાબિત થયો હતો. કેપ્લરના હાલના આંકડાઓ અનુસાર, ભારતે અમેરિકા પાસેથી એલપીજી આયાતમાં જોરદાર વધારો કર્યો છે. વર્ષ ૨૦૨૫માં ભારતના કૂલ એલપીજી આયાતમાં અમેરિકાની હિસ્સેદારી ૮ ટકાથી ઓછી હતી. તે જાન્યુઆરી, ૨૦૨૬માં વધીને ૧૨ ટકા, ફેબ્રુઆરીમાં ૧૩ ટકા અને માર્ચમાં વધીને ૩૭ ટકા થઈ ગઈ. માર્ચમાં પશ્ચિમ એશિયામાં યુદ્ધ ફાટી નીકળવા અને રૂટ પ્રભાવિત થયા પછી એપ્રિલમાં આ હિસ્સેદારી ૪૦%, મેમાં ૫૫% અને જૂનમાં રેકોર્ડ ૬૫% પર પહોંચી ગઈ.

આ ફેરફારથી ન માત્ર ભારતને ઈંધણ મળ્યું, પરંતુ અમેરિકાથી ઊર્જા આયાત વધવાને કારણે બંને દેશો વચ્ચે વેપાર ખાધ (ટ્રેડ ડેફિસિટ) ઘટાડવામાં પણ મદદ મળી રહી છે.

### પતિની સહમતિ જરૂરી નથી : હાઈકોર્ટ

## ગર્ભમાં બાળક રાખવું કે નહીં એ નિર્ણય ફક્ત પત્ની કરી શકે

### આ નિર્ણય બંધારણની કલમ ૨૧ હેઠળ મહિલાના મૂળભૂત અધિકારનો ભાગ છે : મધ્ય પ્રદેશ હાઈકોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્દોર

મધ્ય પ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર ખંડપીઠે મહિલાઓના પ્રજનન અધિકારોને લઈને એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, કાયદા દ્વારા નિર્ધારિત સમયગાળાની અંદર જો ગર્ભાવસ્થા હોય, તો ગર્ભમાં બાળક રાખવું કે નહીં તે અંગેનો નિર્ણય સંપૂર્ણપણે મહિલાનો રહેશે. આ નિર્ણય માટે પતિની સહમતિ જરૂરી નથી.

આ સાથે જ હાઈકોર્ટે ૧૩ અઠવાડિયાની ગર્ભવતી પરિણીત મહિલાને મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી (MTP) એક્ટ હેઠળ ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી દીધી છે.

આ આદેશ ૨૯ જૂન ૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવ્યો હતો. આ મામલો ઈન્દોર ડિવિઝનના એક હાઈપ્રોફાઈલ દંપતી સાથે જોડાયેલો છે, જેના લગ્ન લગભગ બે વર્ષ પહેલાં થયા હતા. લગ્ન બાદ બંને વચ્ચે સતત વિવાદ વધવા લાગ્યા હતા. આ દરમિયાન મહિલા ગર્ભવતી થઈ અને ગર્ભાવસ્થા આશરે ૧૩ અઠવાડિયાની હતી. પરંતુ પતિ-પત્નીના સંબંધોમાં ખટાશ આવવાને કારણે બંને અલગ રહેવા લાગ્યા હતા.

મહિલાનું કહેવું હતું કે, વૈવાહિક સંબંધો તૂટી જવાની સ્થિતિમાં બાળકનો જન્મ તેના માટે માનસિક, સામાજિક અને ભાવનાત્મક રીતે ખૂબ મુશ્કેલ બની જશે. ભવિષ્યને ધ્યાનમાં રાખીને તેણે ગર્ભમાં બાળક ન રાખવાનો નિર્ણય લીધો અને હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને ગર્ભપાતની મંજૂરી માંગી હતી.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પતિને નોટિસ જારી કરી હતી, પરંતુ તે કોઈ પણ તારીખે કોર્ટમાં હાજર નહોતો થયો. બીજી તરફ રાજ્ય સરકારે પણ આ અરજીનો કોઈ વિરોધ નહોતો કર્યો.

હાઈકોર્ટે પોતાના આદેશમાં સુપ્રીમ કોર્ટના ચર્ચિત ચુકાદા 'એક્સ દ્જ પ્રિન્સિપલ સેક્રેટરી, હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર'નો ઉલ્લેખ કરતાં કોર્ટે કહ્યું કે, બંધારણની કલમ-૨૧ હેઠળ દરેક મહિલાને પોતાના શરીર અને પ્રજનન સંબંધી નિર્ણયો લેવાની સ્વતંત્રતા છે. આ તેની વ્યક્તિગત ગરિમા અને મૂળભૂત અધિકારનો એક ભાગ છે.

હાઈકોર્ટે પોતાના વિસ્તૃત આદેશમાં સ્પષ્ટ કર્યું કે, અનિચ્છનીય ગર્ભાવસ્થાની સૌથી વધુ માનસિક, શારીરિક અને ભાવનાત્મક અસર મહિલા પર પડે છે. તેથી આ ગર્ભમાં બાળક રાખવું કે નહીં તે નિર્ણય સંપૂર્ણપણે મહિલાનો વ્યક્તિગત અને બંધારણીય અધિકાર છે. કોઈ પણ મહિલાને તેની ઈચ્છા વિરુદ્ધ માતૃત્વ સ્વીકારવા કે ગર્ભાવસ્થા ચાલુ રાખવા માટે મજબૂર ન કરી શકાય નહીં.

કોર્ટને તપાસમાં જાણવા મળ્યું કે, અરજીકર્તાની ગર્ભાવસ્થા ૧૩ અઠવાડિયા અને ૧ દિવસની હતી, જે મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગ્નન્સી (MTP) અધિનિયમ, ૧૯૭૧માં નિર્ધારિત કાનૂની મર્યાદાની અંદર આવે છે. કાયદો આવા કિસ્સાઓમાં અધિકૃત તબીબોને જરૂરી તપાસ બાદ ગર્ભપાતની મંજૂરી આપે છે, તેથી આ કેસ કાનૂની રીતે મંજૂરી આપવા યોગ્ય ગણાયો હતો.

કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે, જો પતિ-પત્નીના સંબંધો ગંભીર રીતે બગડી ગયા હોય, બંને અલગ રહેતા હોય કે છૂટાછેડા જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ હોય, તો આ પરિસ્થિતિઓ મહિલાના માનસિક સ્વાસ્થ્ય અને ભવિષ્ય પર ઊંડી અસર કરે છે.

આવા કિસ્સામાં જો મહિલા ગર્ભમાં બાળક ન રાખવા માગતી હોય, તો ગર્ભપાતની મંજૂરી આપવા માટે આ એક કાયદેસર અને ન્યાયસંગત આધાર છે. કોર્ટે એ પણ કહ્યું કે, મહિલાની ગરિમા, માનસિક સ્વાથ્ય, શારીરિક સ્વાયત્તતા અને વ્યક્તિગત સ્વતંત્રતા ભારતીય બંધારણની કલમ ૨૧ હેઠળ સંરક્ષિત મૌલિક અધિકાર છે. તેથી મહિલાના શરીર અને પ્રજનન સબંધિત નિર્ણયોમાં તેની ઈચ્છાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ અને અન્ય કોઈ વ્યક્તિની સહમતિને અનિવાર્ય ન બનાવી શકાય.

હાઈકોર્ટે સંબંધિત તબીબોને નિર્દેશ આપ્યો છે કે, ગર્ભપાતની આખી પ્રક્રિયા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તેમજ ન્યાયાલય દ્વારા નક્કી કરાયેલી માર્ગદર્શિકાનું પાલન કરીને જ કરવામાં આવે. પ્રક્રિયા દરમિયાન મહિલાની ગોપનીયતા, ગરિમા અને સુરક્ષાનું પૂરતું ધ્યાન રાખવામાં આવે તેમજ જરૂરી તબીબી સાવચેતી અને સંવેદનશીલતા દાખવવામાં આવે.




# તંત્રી લેખ......

## વિશ્વાસ પુનઃસ્થાપિત થવો જોઈએ

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બેઠકમાં ફક્ત મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ કુમાર મિશ્રાના રાજીનામા પર જ નિર્ણય લેવો જોઈએ નહીં. ટ્રસ્ટે એવા નક્કર નિર્ણયો પણ લેવા જોઈએ જે કોઈપણ શંકા દૂર કરે અને લોકોને ખાતરી આપે કે ભવિષ્યમાં મંદિરના દાનનું યોગ્ય રીતે સંચાલન અને હિસાબ કરવામાં આવશે. આવા નિર્ણયો જરૂરી છે કારણ કે દાન ચોરીની ઘટનાથી હિન્દુ સમુદાયની લાગણીઓને ઊંડી ઠેસ પહોંચી છે. તેની શ્રદ્ધા અને માન્યતાને ઊંડી ક્ષતિ પહોંચી છે. આની ભરપાઈ કરવા માટે, ટ્રસ્ટે સૌથી કઠોર નિર્ણયો લેવામાં પણ અચકાવું જોઈએ નહીં. જો જરૂરી લાગે તો, ટ્રસ્ટને વિસર્જન કરવું જોઈએ અને નવી પહેલ કરવી જોઈએ. ટ્રસ્ટના અધિકારીઓએ સમજવું જોઈએ કે તેઓ આવા મહત્વપૂર્ણ મામલાને સંભાળવામાં જરૂરી ગંભીરતા, સંવેદનશીલતા અને તત્પરતા દર્શાવવામાં નિષ્ફળ ગયા. દાન ચોરીનો કેસ પ્રકાશમાં આવ્યા પછી કોઈ તપાસ વિના શા માટે તેને રદ કરવામાં આવ્યો તે સમજવું મુશ્કેલ છે. તેવી જ રીતે, ઉચ્ચ સ્તરીય તપાસ માટે તાત્કાલિક કોઈ નક્કર પહેલ કેમ શરૂ કરવામાં આવી ન હતી? ખરેખર, એક નહીં પરંતુ ઘણા પ્રશ્નો છે જે ટ્રસ્ટના અધિકારીઓ અને તેમની કાર્યશૈલીને કઠેડામાં મૂકે છે. જનરલ સેક્રેટરી ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ કુમાર મિશ્રાના રાજીનામા પર નિર્ણય લેવામાં પણ વિલંબ થયો હતો. આ બે વ્યક્તિઓએ રાજીનામા આપ્યા પછી શક્ય તેટલી વહેલી તકે બેઠક કેમ બોલાવવામાં આવી ન હતી? એવું માનવા માટે સારા કારણો છે કે ટ્રસ્ટના કેટલાક અધિકારીઓએ અતિશય સત્તા મેળવી હતી અને તેઓ પોતાની મરજી મુજબ કાર્ય કરી રહ્યા હતા. તેવી જ રીતે, એવું તારણ કાઢવા માટે પૂરતા કારણો છે કે ટ્રસ્ટના બધા અધિકારીઓ સમાન રીતે સક્રિય ન હતા, અને કેટલાક, વિવિધ કારણોસર, પોતાને નિષ્ક્રિય અથવા અલગ રાખતા હતા. દાન ચોરી કેસની તપાસ વિશેષ તપાસ ટીમ દ્વારા કરવામાં આવી રહી છે તે સંતોષકારક નથી, કારણ કે વિવિધ આરોપો સપાટી પર આવી રહ્યા છે. આ આરોપો ટ્રસ્ટની છબીને કલંકિત કરી રહ્યા છે. દાન ચોરીના કેસથી રાષ્ટ્રીય ધ્યાન ખેંચાયું હોવાથી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ, ભાજપ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ખાતરી કરવી જોઈએ કે આ મામલે સત્ય બહાર આવે. જરૂરિયાત ફક્ત ભક્તોના દાનનો યોગ્ય રીતે હિસાબ આપવાની જ નથી, પરંતુ દાનનો ઉપયોગ કયા હેતુઓ માટે કરવામાં આવશે તે નક્કી કરવા માટે એક સિસ્ટમ સ્થાપિત કરવાની પણ છે.

### પ્રથમવાર સાઉથ કોરીયન ટેકનોલોજીથી રાજ્યમાં બનશે બે 'એર-ફિલ્ડ રબર ડેમ'

## છોટાઉદેપુરના રાજવાસણા હેરણ નદી પર રૂ. ૮૨ કરોડથી વધુના ખર્ચે તેમજ તાપીની અંબિકા નદી પર રૂ. ૭૯ કરોડથી વધુના ખર્ચે બે આધુનિક રબર ડેમ નિર્માણાધિન

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'કેચ ધ રેઈન' અભિયાનને વધુ વેગ આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રાજ્યના છેવાડાના વિસ્તારો સુધી સિંચાઈ અને પાણીની સુવિધા સુદ્રઢ કરવાના ધ્યેય સાથે અનેકવિધ ભગીરથ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસના ભાગરૂપે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના રાજવાસણા ગામ નજીક હેરણ નદી પર અત્યાધુનિક 'રાજવાસણા રબર ડેમ' તેમજ તાપી જિલ્લામાં ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામે અંબિકા નદી પર આમ બે આધુનિક રબર ડેમ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે જે હાલમાં નિર્માણાધિન છે.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શનમાં રાજવાસણા ખાતે અંદાજે રૂ. ૮૨.૯૭ કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર આ અનોખો રબર ડેમ આગામી ૩૦ મહિના એટલે કે સપ્ટેમ્બર ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. આ ડેમ તૈયાર થવાથી આજુબાજુના ૨૫ ગામોના ખેડૂતોને સિંચાઈ માટે સીધો ફાયદો થશે. જ્યારે તાપીની અંબિકા નદી પર પાઠકવાડી ગામે રૂ. ૭૯ કરોડથી વધુના ખર્ચે જાપાનીઝ ડિઝાઈન આધારિત અદ્યતન 'રબર ડેમ' તૈયાર કરવામાં આવી રહ્યા છે.. આ ડેમ તૈયાર થવાથી અંદાજે ૬૫૦ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળશે જેનો સીધો ફાયદો સ્થાનિક ખેડૂતોને થશે.

રાજવાસણા રબર ડેમની વિશેષતાઃ

આ પ્રોજેક્ટ અંતર્ગત હેરણ નદી પર ૧૮૦ મીટરની લંબાઈ અને ૩.૫ મીટરની ઉંચાઈ ધરાવતું આધુનિક રબર બ્લેડર સ્થાપિત કરવામાં આવશે. આ રબર ડેમ ટેકનોલોજીની મુખ્ય ખાસિયત એ છે કે તેનાથી હયાત જુના આડબંધની પાણી સંગ્રહ ક્ષમતામાં અભૂતપૂર્વ વધારો થશે અને કુલ ૩.૫ મિલિયન ક્યુબિક મીટર- MCM પાણીનો જથ્થો સંગ્રહિત કરી શકાશે. જેના પરિણામે આસપાસના વિસ્તારોના ભૂગર્ભ જળ સ્તર ખૂબ ઊંચા આવશે જેથી સરળતાથી સિંચાઈ અને પીવાનું પાણી ઉપલબ્ધ થશે. હાલની સ્થિતિએ આ ડેમનું ૭૫ ટકા કામ પૂર્ણ થયું છે.

અન્ય ફાયદા

સિલ્ટ અને કાંપ મુક્તિઃ

જુના આડબંધમાં જમા થતી રેતી અને કાંપને કારણે પાણીની સંગ્રહ ક્ષમતા ઘટતી હતી, હવે રબર ડેમ પદ્ધતિથી આ સિલ્ટનો સંપૂર્ણ નિકાલ શક્ય બનશે. પૂરથી રક્ષણ (Flood Control): ચોમાસા દરમિયાન ભારે પૂરની સ્થિતિમાં રબર ડેમને 'ડીફ્લેટ' (હવા કાઢીને બેસાડી) કરી શકાશે, જેથી પૂરના પાણીનો ઝડપી નિકાલ થતાં આસપાસના ગામોને નુકસાનથી બચાવી શકાશે. નદીના ડાબા કાંઠે ૯૦૦ મીટર અને જમણા કાંઠે ૫૦૦ મીટર લાંબી ફ્લડ પ્રોટેક્શન વોલ (સંરક્ષણ કાર્ય) પણ કરવામાં આવશે.

૧૦ વર્ષ સુધી સંચાલનઃ

આ કોન્ટ્રાક્ટમાં જ આગામી ૧૦ વર્ષ સુધી ઓપરેશન અને મેઈન્ટેનન્સ (O&M) નો સમાવેશ થાય છે, જેથી ટેકનિકલ સુવિધા અવિરત કાર્યરત રહેશે.

૨૫ ગામોના ૩૪૨૦ હેક્ટર વિસ્તારને મળશે સંજીવનીઃ આ રબર ડેમ સાકાર થવાથી આડબંધ આધારિત નહેરો દ્વારા વિસ્તારના ખેડૂતોને રવી (શિયાળુ) અને ખરીફ (ચોમાસુ) એમ બંને સિઝનમાં ખેતી માટે પૂરતું પાણી મળી રહેશે. એટલું જ નહીં, ભવિષ્યમાં રાજવાસણા આડબંધ યોજનાની નહેરોને આસપાસના ૨૫ જેટલા લાભદાયી ગામોના તળાવો સાથે જોડી દેવામાં આવશે. આ વધારાના પાણીથી ગામના તળાવો ભરાતા સમગ્ર પંથકમાં પીવાના અને સિંચાઈના પાણીની સમસ્યા કાયમ માટે ભૂતકાળ બની જશે.

પાઠકવાડી રબર ડેમ વિષેઃ

પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર અને બારેમાસ વહેતી નદીઓ ધરાવતા દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લામાં જળસંચય ક્ષેત્રે એક ઐતિહાસિક અને આધુનિક ક્રાંતિ થવા જઈ રહી છે. તાપી જિલ્લાના અંતરિયાળ એવા ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામ પાસેથી પસાર થતી અંબિકા નદી પર સરકારશ્રી દ્વારા રૂા.૭૯.૧૩ કરોડના ખર્ચે અદ્યતન 'એર-ફિલ્ડ રબર ડેમ' (હવા ભરેલા ડેમ) બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ યોજના સાકાર થતાં પાઠકવાડી સહિત ઢોડીયાવાડ, ઉનાઈ અને સિંધઈ જેવા ગામોના ખેડૂતોને ખરીફ તેમજ ઉનાળુ પાક માટે પૂરતું પાણી મળી રહેશે.વર્તમાનમાં આ ડેમની ૯૦ ટકા કામગીરી પૂર્ણ થઈ છે.

ભૌગોલિક પડકાર સામે આધુનિક ટેકનોલોજીનો ઉત્કૃષ્ટ ઉપાયઃ

તાપી જિલ્લાનો આ વિસ્તાર સમતળ હોવાના કારણે અને નદીના કાંઠા નીચા હોવાના કારણે અહીં પરંપરાગત રીતે વધારે ઊંચાઈ ધરાવતા ચેકડેમ કે વીયર સ્ટ્રક્ચરનું બાંધકામ શક્ય નહોતું. સ્થાનિક ખેડૂત આગેવાનો અને વ્યારાના ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોંકણીની રજૂઆતને પગલે વિભાગ દ્વારા સર્વેક્ષણ હાથ ધરાયું હતું. જેમાં પરંપરાગત બેરેજના બદલે વધુ જળસંગ્રહ ક્ષમતા ધરાવતી જાપાનીઝ ટેકનોલોજીનો 'એર-ફિલ્ડ રબર ડેમ' બનાવવાનો નવતર નિર્ણય લેવામાં આવ્યો છે.

જાપાનીઝ ડિઝાઈન અને કોરીયન રબર બ્લેડરની ખાસિયતઃ

આ અનોખા ડેમની સંપૂર્ણ ડિઝાઈન જાપાનીશ કોડ ૨૦૦૦ મુજબ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં વપરાનાર ખાસ પ્રકારનું રબર બ્લેડર દક્ષિણ કોરિયાથી મંગાવવામાં આવ્યું છે, જેની જાડાઈ ૧૮ MM થી ૩૨ MM સુધીની છે. આ રબર બ્લેડર ૫૦ ડિગ્રીથી વધુ તાપમાનમાં પણ ઉત્તમ કામગીરી આપવા સક્ષમ છે અને તેનો આયુષ્યકાળ અંદાજીત ૩૦ વર્ષ જેટલો લાંબો છે.

SCADA ઓટોમેશનથી થશે સંચાલનઃ

આ ડેમની સૌથી મોટી વિશિષ્ટતા એ છે કે તેમાં કોઈ મેનપાવર (માણસો) વગર SCADA ઓટોમેશન સીસ્ટમ દ્વારા કમ્પ્યુટરથી જ રબર બ્લેડરમાં હવા ભરવાનું (ઈન્ફ્લેટ) અને હવા ખાલી કરવાનું (ડિફ્લેટ) કાર્ય આસાનીથી થઈ શકશે. ૨.૦૦ મીટરના કોંક્રીટ બેઝ ઉપર ૨.૫૦ મીટરનું રબર બ્લેડર "ત્ન" બોલ્ટથી ફિક્સ કરાશે, જેથી ડેમની કુલ ઊંચાઈ ૪.૫૦ મીટર અને કુલ લંબાઈ ૨૮૦ મીટર (૪ સ્પાન) થશે.

ચોમાસામાં પૂર અને જમીન ધોવાણ અટકશેઃ

પરંપરાગત સ્ટીલ ગેટેડ ડેમની સરખામણીએ રબર ડેમ ચોમાસામાં પૂર દરમિયાન નદીના પ્રવાહને બિલકુલ અવરોધતો નથી, જેથી કાંઠાની જમીનનું ધોવાણ અટકશે. ઉપરાંત, રબરની હવા નીકાળી દેતાં નદીમાં તણાઈ આવતો કાંપ આસાનીથી વહી જશે, જેના કારણે ડેમની જળસંગ્રહ ક્ષમતા વર્ષો સુધી જળવાઈ રહેશે.

૬૫૦ હેક્ટર જમીનને સંજીવની અને કુવાઓના સ્તરમાં વધારોઃ

આ આધુનિક રબર ડેમ થકી આશરે ૩.૫૦ લાખ ઘન મીટર (૩.૫૦ સ્ક્રસ) જેટલા વિશાળ પાણીના જથ્થાનો સંગ્રહ થશે. જેના સીધા ફાયદા સ્વરૂપે આસપાસની ૬૫૦ હેક્ટર જમીન સીંચાઈ હેઠળ આવશે. એટલું જ નહીં, આસપાસના વિસ્તારોના કૂવા અને બોરના ભૂગર્ભ જળસ્તર ઊંચા આવતા સ્થાનિક લોકોને પીવાના શુદ્ધ પાણીની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે. ભવિષ્યમાં આ ટેકનોલોજી દરિયાના ખારા પાણીને મીઠા પાણીમાં ભળતું અટકાવવા 'ટાઈડલ રેગ્યુલેટર' તરીકે પણ અત્યંત ઉપયોગી સાબિત થશે.

-જનક દેસાઈ

### AMCની પ્રી-મોન્સૂન કામગીરીની ખૂલી પોલ

## પહેલા જ વરસાદમાં સ્માર્ટ સિટી અમદાવાદ ભુવા નગરી બની

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં ચોમાસાના પ્રારંભે જ શીલજ અને સાબરમતી વિસ્તારમાં રસ્તાઓ પર મહાકાય ભુવા પડ્યા છે. ખોદકામ અને વરસાદને કારણે જમીન ધસી પડતાં આ ઘટનાઓ બની હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ રસ્તાઓ બંધ કરાતાં વાહનચાલકોને હાલાકી પડી રહી છે. AMCના પ્રી-મોન્સૂન કામગીરીના દાવા પોકળ સાબિત થયા છે. લોકો તંત્ર સામે ભ્રષ્ટાચાર અને લાપરવાહીનો આક્ષેપ કરી રહ્યા છે. અમદાવાદમાં ચોમાસાની શરૂઆત થતાંની સાથે જ શહેરના રસ્તાઓ પર ભુવા પડવાની એક પછી એક ઘટનાઓ સામે આવી રહી છે. શહેરમાં એક તરફ વરસાદી માહોલ જામ્યો છે, તો બીજી તરફ રસ્તાઓ પર ઠેર-ઠેર મહાકાય ભુવા પડવાની સમસ્યાએ ફરી એકવાર માથું ઊંચક્યું છે. તાજેતરમાં શહેરના પોશ વિસ્તાર ગણાતા શીલજ તેમજ સાબરમતી વિસ્તારમાં રસ્તાઓ પર મોટા ભુવા પડ્યા છે. સદનસીબે આ ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ સાવચેતીના ભાગરૂપે રસ્તાઓ બંધ કરવા પડતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

શહેરના પોશ વિસ્તાર ગણાતા શીલજ સર્કલ નજીક આર્યમાન બંગલો તરફ જતા રોડ પર ચાલી રહેલા ખોદકામ અને વરસાદી માહોલને કારણે માટી સરકી જતાં અચાનક જમીન ધસી પડી હતી અને એક મહાકાય ભુવો પડ્યો હતો. સદનસીબે આ રોડ પહેલાથી જ બંધ હોવાથી દુર્ઘટના સમયે કોઈ વાહન પસાર થઈ રહ્યું ન હતું, જેથી મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતાં જ છસ્ઝના અધિકારીઓ દોડતા થયા હતા અને સુરક્ષાના ભાગરૂપે ઘટનાસ્થળે બેરિકેડ્સ ગોઠવીને માટી પૂરાણ કરવાની કામગીરી શરૂ કરી હતી.

શહેરમાં વરસાદી માહોલ વચ્ચે સાબરમતી સ્નાનાગાર પાસે પણ રસ્તા પર એક મસમોટો ભુવો પડવાની ઘટના સામે આવી છે. આ ભુવો પડવાને કારણે સાવચેતીના ભાગરૂપે સાબરમતી પાવર હાઉસથી BRTS સુધીનો આશરે ૨ કિલોમીટર જેટલો રસ્તો વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. રોડ બંધ થવાના કારણે વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી છે અને તેઓ વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા મજબૂર બન્યા છે. તંત્ર દ્વારા માત્ર ખાડા પૂરવાની કામગીરી હવે નાગરિકોને મંજૂર નથી. તેમના મતે આ વિશાળ ભુવા માત્ર ખાડા નથી, પરંતુ વહીવટીતંત્રની લાપરવાહી અને ભ્રષ્ટાચારનું જીવતું-જાગતુ ઉદાહરણ છે. લોકોની માગ છે કે તંત્ર માત્ર કામચલાઉ પુરાણ કરવાને બદલે જવાબદારો સામે કડક કાર્યવાહી કરે અને રસ્તાઓની ગુણવત્તાની તપાસ કરાવે, જેથી કરીને નિર્દોષ નાગરિકોનો જીવ જોખમમાં ન મુકાય.

### કેનાલ પાસે આંતરીને છરીના ઘા માર્યા

## વાંચ ગામમાં ગેસ એજન્સીના કર્મચારી પર હુમલો કરી લૂંટ ચલાવનારા ૫ આરોપી ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ગ્રામ્યના વિવેકાનંદનગર પોલીસે ગેસ એજન્સીના કર્મચારી પર હુમલો કરી ૩.૫ લાખની લૂંટનો ભેદ ઉકેલ્યો છે. ૨ જુલાઈએ વાંચ ગામથી બીબીપુરા જતા રસ્તે કેનાલ પાસે ૫૭ વર્ષીય બુધારામ બિશ્નોઈને આંતરી છરીના ઘા મારી લૂંટ ચલાવાઈ હતી. પોલીસે ટેકનિકલ સોર્સિસથી કિરણ, રામસિંહ, અનિલ, ફુલાજી અને શ્રવણ સહિત ૫ આરોપીઓને પકડી મુદ્દામાલ જપ્ત કર્યો છે.

અમદાવાદ ગ્રામ્યના વિવેકાનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થોડા દિવસો પૂર્વે ગેસ એજન્સીના એક કર્મચારી પર જીવલેણ હુમલો કરી લૂંટ ચલાવવાની ઘટના સામે આવી હતી.

જોકે, આ મામલે વિવેકાનંદનગર પોલીસે ટેકનિકલ સોર્સિસની મદદથી લૂંટનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે લૂંટને અંજામ આપનારા અને રેકી કરનારા તમામ ૫ શાતિર આરોપીઓને દબોચી લીધા છે અને તેમની પાસેથી લૂંટાયેલો તમામ મુદ્દામાલ પણ જપ્ત કરી લીધો છે.

મળતી માહિતી અનુસાર, ગત બીજી જુલાઈના રોજ ૫૭ વર્ષીય ગેસ એજન્સીના કર્મચારી બુધારામ બિશ્નોઈ મોપેડ પર વાંચ ગામથી બીબીપુરા તરફ જવાના રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન કેનાલ નજીક અગાઉથી ટાર્ગેટ સેટ કરીને બેઠેલા લૂંટારુઓએ તેને આંતર્યા હતા. મોપેડ અને બાઈક પર આવેલા કેટલાક શખસોએ બુધારામને રસ્તા પર પાડી દીધા હતા અને પ્રતિકાર કરતાં છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. ત્યારબાદ હુમલાખોરો પ્રૌઢ પાસેથી અઢી તોલાની સોનાની ચેઈન અને રોકડ મળીને કુલ ૩.૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ લૂંટીને ફરાર થઈ ગયા હતા.

આ લૂંટ અંગે વિગતો આપતાં DySP આસ્થા રણાએ જણાવ્યું હતું કે,'બનાવની જાણ થતાં જ વિવેકાનંદનગર પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અલગ-અલગ ટીમો બનાવીને ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તમામ આરોપીઓની ઓળખ કરી તેઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પકડાયેલા આરોપીઓમાંથી બે આરોપીઓ ગુનાઈત ઈતિહાસ ધરાવે છે અને તેમની સામે અગાઉ પણ પ્રોહીબિશન તથા લૂંટના ગુના નોંધાઈ ચૂક્યા છે.'

પોલીસે આ ગુનામાં સંડોવાયેલા કિરણ,રામસિંહ, અનિલ, ફુલાજી અન શ્રવણની ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે, આ આખા ગુનાને અંજામ આપવા માટે પાંચમાંથી ચાર આરોપીઓ હથિયારો સાથે ઘટનાસ્થળ ઉપર આવ્યા હતા, જ્યારે 'શ્રવણ' નામનો આરોપી રસ્તા પર કોઈ પોલીસ કે અન્ય વાહન ન આવે તે માટે વોચ (રેકી) રાખી રહ્યો હતો. હાલમાં પોલીસે ગુનામાં વપરાયેલા વાહનો અને લૂંટાયેલી સોનાની ચેઈન સહિત રોકડ રકમ કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સરદાર સરોવર ડેમમાં હાલમાં ૨.૧૫ લાખ MCFT એટલે કે આશરે ૬૫ ટકા જેટલો જળસંગ્રહ

## ચોમાસુઃ ૨૦૨૬- રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ, અમરેલીના રાજુલા તાલુકામાં સૌથી વધુ ૧૦ ઈંચ વરસાદ

રાજ્યભરના વિવિધ વિસ્તારોમાં અત્યારે વરસાદી માહોલ જામ્યો છે, જેના પગલે ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC), ગાંધીનગરના સત્તાવાર અહેવાલ મુજબ, છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં સૌથી વધુ ૧૦ ઈંચ જેટલો મુશળધાર વરસાદ વરસ્યો છે.

- અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં ૯ ઈંચથી વધુ, ખાંભામાં ૬ ઈંચથી વધુ અને સાવરકુંડલામાં ૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે, જાફરાબાદ, બગસરા અને લીલીયા તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.
- ડાંગ જિલ્લાના સુબીર તાલુકામાં ૫ ઈંચથી વધુ અને આહવા તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.
- ગત ૨૪ કલાકમાં અમરેલી જિલ્લામાં સરેરાશ ૪ ઈંચ કરતા પણ વધારે, જ્યારે સમગ્ર ડાંગ જિલ્લામાં પણ સરેરાશ ૪ ઈંચ જેટલો વરસાદ વરસી ચૂક્યો છે.
- સાબરકાંઠાના વિજયનગર અને ગીર સોમનાથના ઉના તાલુકામાં પણ ૪-૪ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ભાવનગરના જેસર અને નવસારીના ચીખલીમાં ૩ ઈંચથી વધુ વરસાદ થયો છે.
- ભાવનગરના મહુવા અને ગારીયાધાર; વલસાડના વાપી, ઉમરગામ અને કપરાડા; તાપીના ડોલવણ, વ્યારા અને વાલોડ; ગીર સોમનાથના ગીર ગઢડા અને કોડીનાર; નવસારીના ગણદેવી; સુરેન્દ્રનગરના ચુડા; સુરતના અંબિકા તેમજ અમરેલી તાલુકામાં પણ ૨ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.
- રાજ્યના અન્ય ૩૨ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ, જ્યારે ૧૦૫ તાલુકાઓમાં ૧ ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે.
- આમ, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના કુલ ૧૬૪ તાલુકાઓમાં મેઘમહેર જોવા મળી છે.

★મોસમનો કુલ સરેરાશ વરસાદ (ઝોન વાઈઝ)

આજે તારીખ ૦૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીની સ્થિતિએ રાજ્યમાં મોસમનો એકંદરે ૬ ઈંચથી વધુ એટલે કે સરેરાશ ૧૭ ટકા જેટલો વરસાદ વરસી ચૂક્યો છે. જેમાં,

- સૌરાષ્ટ્ર ઝોનમાં મોસમનો સૌથી વધુ ૨૩ ટકાથી વધારે
- દક્ષિણ ગુજરાત ઝોનમાં ૨૦ ટકાથી વધુ
- પૂર્વ-મધ્ય ગુજરાત ઝોનમાં ૧૨ ટકાથી વધુ
- ઉત્તર ગુજરાત ઝોનમાં ૧૦ ટકાથી વધુ અને
- કચ્છ ઝોનમાં સૌથી ઓછો માત્ર ૦.૪૨ ટકા વરસાદ વરસ્યો છે.

★રાજ્યના જળાશયોની સ્થિતિ

ઉપરવાસમાંથી થઈ રહેલી પાણીની વિપુલ આવકના પગલે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં ૨.૧૫ લાખ MCFT એટલે કે આશરે ૬૫ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. આ સિવાય રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં પણ ૨.૦૯ લાખ MCFT પાણીનો સંગ્રહ થયો છે.

- રાજ્યના ૦૨ ડેમ સંપૂર્ણ ૧૦૦% ભરાયા છે, ૧૮ ડેમ ૭૦%થી વધુ, ૨૦ ડેમ ૫૦%થી વધુ, ૪૯ ડેમ ૨૫%થી વધુ અને ૧૧૭ ડેમ ૨૫% કરતા ઓછા ભરાયેલા છે.
- વર્તમાન જળસપાટીને જોતાં ૦૬ ડેમ 'હાઈ એલર્ટ' પર, ૦૭ ડેમ 'એલર્ટ' પર અને ૦૭ ડેમ 'વોર્નિંગ લેવલ' પર રાખવામાં આવ્યા છે.

★સ્થળાંતર અને રેસ્ક્યુ કામગીરી

વરસાદની સંભવિત કટોકટીને પહોંચી વળવા માટે સ્થાનિક વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. નવસારી, જૂનાગઢ, તાપી, ડાંગ, ગીર સોમનાથ, પોરબંદર અને અમરેલી જિલ્લાઓમાંથી અત્યાર સુધીમાં કુલ ૭૭૭ નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે, જ્યારે પૂરના પાણીમાં ફસાયેલા ૬૦ નાગરિકોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

★NDRF અને SDRFની ટીમો તૈનાત

રાજ્યમાં કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે રાહત અને બચાવ કામગીરી હેઠળ NDRFની ૧૦ અને SDRFની ૨૫ ટીમો મળીને કુલ ૩૫ ટીમોને સંવેદનશીલ જિલ્લાઓમાં તૈનાત કરી દેવાઈ છે. આ ઉપરાંત, તાકીદની જરૂરિયાત માટે NDRFની ૪ અને SDRFની ૮ ટીમોને હેડક્વાર્ટર ખાતે રિઝર્વ રાખવામાં આવી છે.

★માછીમારોને દરિયો ન ખેડવા કડક સૂચના

ભારતીય હવામાન વિભાગની આગાહી અને દરિયામાં સર્જાયેલા કરંટને ધ્યાને રાખીને, રાજ્યના તમામ માછીમારોને આગામી તા. ૦૯ જુલાઈ સુધી દરિયો ન ખેડવા માટે તંત્ર દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે.

★ખોરવાયેલો વીજ પુરવઠો પૂર્વવત કરવા યુદ્ધના ધોરણે કામગીરી

ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે રાજ્યના કુલ ૨,૮૦૪ ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. ઊર્જા વિભાગની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરીને ૨,૭૩૮ ગામોમાં વીજ પુરવઠો પુનઃ શરૂ કરી દેવામાં આવ્યો છે. જ્યારે બાકી રહેલા ૬૬ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરવાની કામગીરી હાલ ચાલી રહી છે. - નિતિન રથવી

## નજીવી માથાકૂટમાં યુવકની હત્યા કરનારા બે નરાધમોની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ગોમતીપુરમાં તાજેતરમાં બનેલી ચકચારી હત્યાની ઘટનામાં પોલીસને મોટી સફળતા મળી છે. અહીં એક મેડિકલ સ્ટોર પર દવા અથવા અન્ય કોઈ સામાન્ય બાબતને લઈને યુવકો વચ્ચે નજીવી માથાકૂટ થઈ હતી. જોતજોતામાં આ સામાન્ય વિવાદે એટલું ઉગ્ર અને હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે, ત્રણ શખ્સોએ ભેગા મળીને એક યુવક પર જીવલેણ હુમલો કરી દીધો હતો અને તેને ક્રૂરતાપૂર્વક મોતને ઘાટ ઉતારી દીધો હતો.આ લોહિયાળ સંઘર્ષમાં મઝહર નામના યુવકને નિશાન બનાવવામાં આવ્યો હતો. આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરાની જેમ મઝહર પર તીક્ષ્ણ હથિયારો વડે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે લોહીલુહાણ થયેલા મઝહરનું ટૂંકી સારવાર દરમિયાન અથવા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ધોળા દિવસે જાહેર વિસ્તારમાં બનેલી આ સનસનાટીપૂર્ણ હત્યાની ઘટનાને પગલે સમગ્ર ગોમતીપુર પંથકના સ્થાનિક રહીશોમાં ભારે અરેરાટી અને ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ગોમતીપુર પોલીસની ટીમો તાત્કાલિક એક્શનમાં આવી હતી અને જુદી-જુદી દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે આ ગુનામાં સામેલ મુખ્ય બે આરોપીઓ આસિફ શેખ અને સોહિલ અન્સારીને પકડી પાડી કાયદેસરના સકંજામાં લીધા છે.


ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૦૬/૦૭/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૦ | ૧,૪૦૦.૦૦ | ૧,૬૫૦.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૩૮૫.૦૦ | ૧,૩૯૦.૦૦ |
| ૩ | ઘઉં | ૧૨૦ | ૫૦૦.૦૦ | ૫૫૪.૦૦ |
| ૪ | બાજરી | ૯૫ | ૪૭૬.૦૦ | ૫૨૪.૦૦ |
| ૫ | મકાઇ | ૩૫ | ૪૭૦.૦૦ | ૪૯૮.૦૦ |
| ૬ | ચણા (કાબુલી ) | ૫ | ૧,૩૮૦.૦૦ | ૧,૪૯૮.૦૦ |

મુનિમજી સોફ્ટવેર


## સનફાર્મા રોડ અચાનક બેસી જતાં બ્લોક ભરેલી ટ્રક ધસી ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરમાં સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે પ્રી-મોન્સૂન કામગીરીના નામે કેવા લોલમલોલ કામ થાય છે તેનો જીવતોજાગતો નમૂનો સનફાર્મા રોડ પર જોવા મળ્યો છે. અહીં સુરતથી પેવર બ્લોકનો અતિ ભારે જથ્થો ભરીને એક ટ્રક વડોદરા તરફ આવી રહી હતી. સનફાર્મા રોડ પરથી પસાર થતી વખતે રોડના કિનારેથી રસ્તો અચાનક પત્તાના મહેલની જેમ બેસી ગયો હતો. રસ્તો ધસી પડતાં જ ટ્રકના પાછળના અને સાઈડના ટાયરો જમીનમાં ઊંડે સુધી ખૂંપી ગયા હતા અને ટ્રક એકતરફી નમી જતાં અકસ્માત સર્જાયો હતો.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, વહીવટી તંત્ર દ્વારા હજુ થોડાક દિવસો પહેલાં જ આ રોડ પર નવું કાર્પેટિંગ અથવા પ્રી-મોન્સૂન અંતર્ગત મરામતનું કામ કરવામાં આવ્યું હતું. સામાન્ય દિવસોમાં કે હજુ તો ચોમાસાની બરાબર શરૂઆત થઈ છે ત્યાં જ જો રોડ ભારે વાહનનું વજન ન ખમી શકતો હોય, તો કોન્ટ્રાક્ટરે કેવા પ્રકારની હલકી ગુણવત્તાની સામગ્રી વાપરી હશે તે સમજી શકાય છે. આ રોડ કૂદવાને કારણે ટ્રકના નીચેના હિસ્સાને ભારે નુકસાન પહોંચ્યું છે.ઘટનાની જાણ થતાં જ ટ્રકના ચાલકે સ્થાનિક લોકોની મદદથી વાહનને બહાર કાઢવા માટે વિશાળ હાઈડ્રા ક્રેનની મદદ લીધી હતી.

## મેઘતાંડવ બાદ એક્શન મોડમાં PGVCL, ૫૨૯ ગામોમાં વીજળી પુનઃસ્થાપિત કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

સૌરાષ્ટ્ર અને રાજકોટમાં તાજેતરમાં થયેલા મેઘતાંડવને પગલે અનેક વિસ્તારોમાં વીજળી પુરવઠાને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું હતું. ભારે વરસાદ અને પૂરના પાણીના કારણે વીજ વ્યવસ્થા ખોરવાઈ હતી. જેને થાળે પાડવા માટે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા યુદ્ધના ધોરણે મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ચીફ એન્જિનિયરના સીધા માર્ગદર્શન હેઠળ અમરેલી અને રાજકોટ સહિતના પ્રભાવિત વિસ્તારોમાં PGVCLની ટીમો રાત-દિવસ કામગીરી કરી રહી છે.

ભારે વરસાદના કારણે કુલ ૫૮૯ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો, જેમાંથી PGVCLની સરાહનીય કામગીરીને કારણે ૫૨૯ ગામોમાં વીજ પુરવઠો સફળતાપૂર્વક પુનઃસ્થાપિત કરી દેવાયો છે. જ્યારે બાકી રહેલા ૬૦ ગામોમાં સોમવાર સાંજ સુધીમાં કોઈપણ ભોગે વીજળી શરૂ કરી દેવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ કામગીરી માટે પ્રભાવિત વિસ્તારોમાં PGVCLની ૬૦ ટીમો તૈનાત કરવામાં આવી છે, જે અવિરત કામ કરી રહી છે.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક



PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307

Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ગાંધીનગરમાં મિલ્કતોની આકારણી માટે સેલ્ફ એસેસમેન્ટ સિસ્ટમ અમલમાં મુકાશે




પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર શહેરના મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા હવે મિલ્કતોની આકારણી માટે સેલ્ફ એસેસમેન્ટ સિસ્ટમ અમલમાં મુકવામાં આવશે. જેમાં નાગરીકો પોતાની મિલ્કત વેરા આકારણી જાતે જ ઓનલાઈન કરી શકશે. આ માટે મ્યુનિસીપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિ સમક્ષ નીતી મંજુરી માટે દરખાસ્ત રજુ કરવામાં આવી છે.

સુત્રોના જણાવ્યા મુજબ ગાંધીનગર મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા મિલ્કતોની આકારણી માટે સેલ્ફ એસેસમેન્ટ સિસ્ટમ અમલમાં મુકવામાં આવશે. જેમાં નાગરીકો પોતાની મિલ્કત વેરા આકારણી જાતે જ ઓનલાઈન કરી શકશે. આ નવી વ્યવસ્થા હેઠળ નાગરીકો ઓનલાઈન પોર્ટલ પર મિલ્કત સંબંધિત વિગતો, સર્વે નંબર, માલિકીની માહિતી અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરશે, ત્યારબાદ સિસ્ટમ આપમેળે મિલ્કત વેરાની આકારણી કરશે અને નાગરીકો તે આધારે વેરાની ભરપાઈ પણ કરી શકશે, સુત્રોએ ઉમેર્યુ હતુ કે કોર્પોરેશન દ્વારા મિલ્કતોની વિગતોની ચકાસણી અને માપણી બાદ અંતિમ મંજુરી આપવામાં આવશે. આ વ્યવસ્થા સીટીઝન સેન્ટ્રીક ગર્વર્નન્સ અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, ના હેતુને ધ્યાનમાં રાખીને અમલમાં મુકવામાં આવી રહી છે. તેના કારણે નાગરીકોને મિલ્કત વેરા માટે કચેરીઓમાં જવાની જરૂરીયાત ઘટશે, સમય અને ખર્ચ બંનેની બચત થશે, તેમજ સમગ્ર પ્રક્રિયા વધુ પારદર્શક બનશે. સાથે જ કાગળ આધારીત કામગીરીમાં ઘટાડો થવાથી વહિવટી ખર્ચ પણ ઓછો થશે.

ગાંધીનગર મ્યુનિસીપલ કોર્પોરેશન હાલમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની જેમ માઈક્રોલીંક આઈટી સિસ્ટમનો ઉપયોગ કરે છે. હવે તે જ સોફટવેરમાં જરૂરી ફેરફારો કરીને સેલ્ફ એસેસમેન્ટ મોડયુલ ઉમેરવામાં આવશે. આ નીતી અમલમાં આવ્યા બાદ ગાંધીનગરમાં મિલ્કત વેરાની પ્રક્રિયા વધુ જ ડીઝીટલ, ઝડપી અને પારદર્શક બનશે. તેમજ નાગરીકોને પોતાની મિલ્કતની આકરણી માટે સરકારી કચેરીઓના ધકકા ખાવાની જરૂરીયાતમાં નોધપાત્ર ઘટાડો થશે. નવી નીતી મુજબ અરજદારે મિલ્કત સંબંધિત તમામ વિગતો અને પુરાવા ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. જો કે ખોટી કે અધુરી માહિતી આપવામાં આવશે તો સ્વ આકારણી રદ થઈ શકશે, અરજદાર દ્વારા આપવામાં આવેલી માહિતીની સંપૂર્ણ જવાબદારી પણ અરજદારની જ રહેશે. મિલ્કતની વિગતો અંગે કોઈ વિવાદ કે કોર્ટ કેસ ઉભો થાય તો તેની જવાબદારી મ્યુનિસીપલ કોર્પોરેશનની રહેશે નહી.

# અમદાવાદમાં રવિવારી ગુજરી બજાર બંધ કરાતા વિરોધ પ્રદર્શનઃ મહિલાઓએ રોજી રોટી ચાલુ રાખવાની કરી માંગ



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ શહેરમાં દર રવિવારે ઐતિહાસિક હેરીટેઝ ગુજરી બજાર લાગે છે, ખમાસા ચાર રસ્તાથી વિકટોરીયા ગાર્ડન સુધીના એક જ દિવસ લાગતા બજારમાં વિવિધ વસ્તુઓ વેચાય છે. ગુજરી બજારના આ શ્રમિકો સ્ટ્રીટ વેન્ડીંગ લાયસન્સ ધરાવતા હોવા છતાં તેઓને વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા વગર બંધ કરાતા ૭૦૦ થી વધુ પરીવારો ભુખમરાના ખપ્પરમાં હોમાઈ જવાના આક્ષેપ સાથે શ્રમિકો દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરાયુ હતું અને રોજીરોટી ચાલુ રાખવા માંગ કરી હતી.

### 'ખેડૂતો સાથે છેતરપિંડી જરાય સાંખી લેવાશે નહીં': કૃષિ મંત્રીશ્રીની કાળાબજારી કરનારાઓને સખત ચેતવણી

# જગતના તાત સાથે છેતરપિંડી કરનારા સામે રાજ્ય સરકાર સખ્ત; લાયસન્સ રદ ઉપરાંત થશે જેલ

### વારંવાર ડુપ્લીકેટ ખાતર-બિયારણ વેચનારાઓ સામે PBM એક્ટ હેઠળ કાર્યવાહી; ૪ શખ્સોને ડિટેઈન કરી જેલ હવાલે કરાયાઃ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

ગુજરાતના ખેડૂતોને આર્થિક નુકસાન પહોંચાડતા અને છેતરપિંડી કરતા તત્વો સામે રાજ્ય સરકારે લાલ આંખ કરી છે. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના સીધા આદેશ હેઠળ, રાજ્યમાં ખાતર અને બિયારણના વેચાણમાં ગેરરીતિ, કાળાબજારી અને ડુપ્લીકેટ બનાવટો વેચતા વિક્રેતાઓ સામે "ધ પ્રિવેન્શન ઑફ બ્લેક માર્કેટિંગ એન્ડ મેઈન્ટેનન્સ ઓફ સપ્લાઈ ઓફ એસેન્શિયલ કોમોડિટી (PBM) એક્ટ- ૧૯૮૦" હેઠળ સખત કાર્યવાહી કરવામાં આવી છે.

આ કાર્યવાહી અંગે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં ડુપ્લીકેટ ખાતરના વેચાણ અંગે થયેલી તપાસના અંતે જવાબદારો સામે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. જેમાં, ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને તેમાં સંડોવાયેલા કુલ ૪ ઈસમો વિરુદ્ધ 'PBM એક્ટ' હેઠળ ગુનો નોંધી, તેમને ડિટેઈન કરી જેલ હવાલે કરી દેવામાં આવ્યા છે.

મંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, ખાતર અને બિયારણના ડુપ્લીકેટ વેચાણના કેસમાં વારંવાર ગેરરીતિ કરનાર સામે આ પ્રકારની સખત કાયદાકીય જોગવાઈનો અમલ કરવામાં આવશે.

કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અમે અગાઉ જ સ્પષ્ટ કર્યું હતું કે જગતના તાત સાથે છેતરપિંડી કરનારાઓને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર જરા પણ સાંખી નહીં લે. ગેરકાયદેસર, પ્રતિબંધિત કે ઓછી ગુણવત્તાવાળી કૃષિ સામગ્રી વેચનારાઓ સામે હવે માત્ર લાયસન્સ રદ કરવાની જ નહીં, પણ વારંવાર ગેરરીતિ આચરતા ઈસમો સામે PBM એક્ટ હેઠળ જેલ ભેગા કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

ખાતર અને બિયારણ એ ખેડૂત માટે પાયાની જરૂરિયાત છે અને તેમાં ડુપ્લીકેટ માલ વેચી ખેડૂતોનો પાક અને મહેનત બરબાદ કરનારાઓ સામે આ માત્ર શરૂઆત છે. રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ જ્યાં આવી ફરિયાદો હશે ત્યાં તપાસ કરીને આગામી સમયમાં આ જ પ્રકારના કડક ગુનાઓ દાખલ કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જે કોઈ પણ વિક્રેતા કાળાબજારી કે નકલી ચીજવસ્તુઓના વેચાણમાં સંડોવાયેલા જણાશે, તેમની સામે સરકાર જરા પણ દયા રાખશે નહીં અને PBM એક્ટ જેવા સખત કાયદા હેઠળ જેલની સજા કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે ગેરરીતિ કરનાર ૬૮ ખાતર વિક્રેતા, ૧૭ બિયારણ વિક્રેતા અને ૧૩ જંતુનાશક દવાઓના વિક્રેતા મળી કુલ ૯૮ વિક્રેતાઓના લાયસન્સ સ્થગિત કે રદ કરવામાં આવ્યા છે. કૃષિ મંત્રીશ્રીએ રાજ્યના તમામ ખેડૂતોને ખાતરી આપી છે કે, સરકાર રાત-દિવસ તેમના હિત માટે કાર્યરત છે. ડુપ્લીકેટ માલ વેચી ખેડૂતોને આર્થિક નુકસાન પહોંચાડનારા તત્વો સામે સરકારની લડાઈ જારી રહેશે, જેથી ખેડૂતોને માત્ર શ્રેષ્ઠ અને શુદ્ધ કૃષિ ઉત્પાદનો જ પ્રાપ્ત થાય. - નિતિન રથવી

# અમદાવાદ મંડળઃ ડીઆરએમ વેદ પ્રકાશે ચોમાસાની તૈયારીઓ અને વિવિધ નિર્માણ કાર્યોનું સઘન નિરીક્ષણ કર્યુ





પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર ચોમાસાની ઋતુ દરમિયાન સરળ ટ્રેન સંચાલન અને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા માટે, ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશે ૦૫.૦૭.૨૦૨૬ ના રોજ અમદાવાદ-બારેજડી અને અમદાવાદ-વિરમગામ સેક્શનનું વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન, તેમણે ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર ચોમાસાની તૈયારી, ડ્રેનેજ સિસ્ટમ અને ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યની સમીક્ષા કરી હતી.

**ચોમાસાની તૈયારી અને સલામતી પર ખાસ ધ્યાન**

નિરીક્ષણ દરમિયાન, ડિવિઝનલ રેલવે મેનેજરે વરસાદની ઋતુ દરમિયાન પાટા પર પાણી ભરાવાથી બચવા માટે કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરી. તેમણે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યો કે ટ્રેક પરના ગટર અને પુલોની સફાઈ કરવામાં આવે જેથી પાણીનો અવિરત પ્રવાહ સુનિશ્ચિત થાય. વરસાદની ઋતુ દરમિયાન પાણી ભરાવાથી ટ્રાફિકમાં ખલેલ ન પડે તે માટે રેલ અંડર બ્રિજ (RUB) નું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું.

**નિર્માણ પ્રોજેક્ટ્સની સમીક્ષા**

ડિવિઝનમાં મુસાફરોની સુવિધાઓ વધારવા અને ક્ષમતા વધારવા માટે ચાલી રહેલા નિર્માણ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરતા, ડીઆરએમએ અમદાવાદ-કાંકરિયા અને વટવા વચ્ચે નિર્માણાધીન ચોથી લાઈનનું નિરીક્ષણ કર્યું. આ ચોથી લાઈન અમદાવાદ જંકશન પર રેલ ટ્રાફિકનું દબાણ ઘટાડવામાં અને ભવિષ્યમાં ટ્રેનની સમયસરતા સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

**સ્ટેશનો અને વસાહતોમાં સ્વચ્છતા નિરીક્ષણ**

નિરીક્ષણ દરમિયાન, ડીઆરએમએ વિરમગામ સ્ટેશન, રેલવે કોલોની, જખવાડા સ્ટેશન અને અમદાવાદ સ્ટેશનની વ્યાપક મુલાકાત લીધી. તેમણે સ્ટેશનો પર ઉપલબ્ધ મુસાફરોની સુવિધાઓ અંગે પ્રતિસાદ એકત્રિત કર્યો અને સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ખાસ સ્વચ્છતા અભિયાનઃ ડીઆરએમએ અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી કે રેલવે સ્ટેશનો તેમજ રેલવે વસાહતોમાં સ્વચ્છતા અભિયાન સતત પ્રક્રિયા તરીકે ચલાવવામાં આવે. કચરાનું વ્યવસ્થાપનઃ સ્ટેશનો પર કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે, તેમણે સંબંધિત આરોગ્ય અને સ્વચ્છતા નિરીક્ષકોને અસરકારક પગલાં લેવા આદેશ આપ્યો. આ નિરીક્ષણ દરમિયાન વરિષ્ઠ મંડળ અધિકારીઓ પણ હાજર હતા. ડિવિઝનલ રેલવે મેનેજરે અધિકારીઓને સૂચના આપી હતી કે ચોમાસાની ઋતુ દરમિયાન ફિલ્ડ સ્ટાફ સંપૂર્ણપણે સતર્ક રહે અને કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે તૈયાર રહે.

# વડોદરા પોલીસ કમિશ્નરના ખોટા નામ અને સહીવાળો ૯ પોલીસ ઈન્સ્પેકટરની આંતરીક બદલીનો ફેક ઓર્ડર સોશીયલ મીડીયામાં ફરતો થયો




પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા શહેરમાં તાજેતરમાં છેલ્લા ૧૮ દિવસમાં બે તબકકામાં પોલીસ કમિશ્નરે ૧૨ પોલીસ ઈન્સ્પેકટરની આંતરીક બદલી કરી હતી. ત્યારે ગઈ તારીખ ૧૮ જુનના રોજ પોલીસ કમિશ્નર દ્વારા ૯ પોલીસ ઈન્સ્પેકટરની બદલીનો ઓર્ડર કર્યો હતો. એ જ ઓર્ડર સાથે ચેડા કરી સોશીયલ મીડીયામાં વાયરલ કરવામાં આવ્યો છે.

જો કે વડોદરા પોલીસ સોશીયલ મીડીયા ઉપર સતત નજર રાખતી હોવાના દાવા કરે છે. ત્યારે ૯ પોલીસ ઈન્સ્પેકટરની બદલીના ઓર્ડર સાથે ચેડા કરેલો ફેક ઓર્ડર સોશીયલ મીડીયામાં વાયરલ થયો હોવા છતાં પોલીસ આ બાબતથી અજાણ હોય તેવુ લાગી રહ્યુ છે. વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર દ્વારા ગઈ તારીખ ૨ જુલાઈના રોજ ૩ પોલીસ ઈન્સ્પેકટરની આંતરીક બદલી કરવામાં આવી હતી. આ અગાઉ ગઈ તારીખ ૧૮ જુનના રોજ પોલીસ કમિશ્નરે શહેરના ૯ પોલીસ ઈન્સ્પેકટરની આંતરીક બદલી પણ કરી હતી. તેવામાં ગત રોજ શહેરના ૯ પોલીસ ઈન્સ્પેકટરની બદલી કરાઈ હોવાનો ઓર્ડર સોશીયલ મીડીયામાં ફરતો થયો હતો. જેની બારીકાઈથી તપાસ કરતા આ લીસ્ટમાં દર્શાવેલા ૯ પોલીસ ઈન્સ્પેકટરના નામો બરાબર જોવા મળ્યા હતા. પરંતુ ૯ પૈકી પીઆઈ વી આર રાઠોડની તાજેતરમાં અટલાદરા પોલીસ સ્ટેશનથી ટ્રાફીકમાં બદલી કરાઈ હતી, જયારે ફેક ઓર્ડરમાં તેમની એસઓજી માં થી ટ્રાફીકમાં બદલી કરાઈ હોવાનુ દર્શાવાયુ છે. તેમજ ફેક ઓર્ડરમાં પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારનુ નામ પણ ખોટુ દર્શાવવામાં આવ્યુ છે. તથા તેમની સહી પણ ખોટી હોવાનુ જણાય છે.

પોલીસ ઈન્સ્પેકટરની ફેક બદલીના ઓર્ડરમાં કેટલીક જગ્યાએ શબ્દોમાં પણ ભુલો જોવા મળી હતી, જેથી નિષ્ણાંતોનુ માનવુ છે કે ફેક ઓર્ડર એઆઈ જનરેટેડ હોવાનો દાવો કરવામાં આવે છે. ફેક ઓર્ડરની ચકાસણી કર્યા વિના કેટલાક લોકોએ તેના સમાચાર બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ પણ કર્યો હતો. છતાં હજુ સુધી પોલીસ એ નથી શોધી શકી કે આ ફેક ઓર્ડર બનાવ્યો કોણે?

# અમરેલીમાં અનરાધારઃ નાવલી નદી ગાંડીતૂર બની, ધારીમાં શેત્રુજી નદીના વહેણમાં ખેડૂત તણાતા મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લામાં મેઘમહેર યથાવત છે! મેઘરાજાએ મન મૂકીને હેત વરસાવતા ધરતીપુત્રોમાં આનંદની લહેરની સાથે જિલ્લામાં ઠેર-ઠેર જળબંબાકારના દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. દામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદનું આગમન થયું છે. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, જ્યારે ખેતરો પાણીથી તરબોળ થતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગઈકાલે ૭ ઈંચ વરસાદ બાદ ૧૨ કલાકના વિરામ પછી સાવરકુંડલામાં ફરી મેઘરાજાએ એન્ટ્રી કરી છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ બફારા સાથે શરૂ થયેલા વરસાદને કારણે રસ્તાઓ પાણી પાણી થઈ ગયા છે અને શહેરના માર્ગો પરથી વરસાદી પાણી વહી રહ્યા છે. સાવરકુંડલામાં ભારે વરસાદના કારણે સ્થાનિક નાવલી નદીમાં ઘોડાપૂર આવતા નદી ગાંડીતૂર બની હતી અને પાણી પુલ પર ફરી વળ્યા હતા. પૂરના પ્રચંડ પ્રવાહમાં એક વીજપોલ ધરાશાયી થવાની ઘટના કેમેરામાં કેદ થઈ હતી. નદીના પાણી કાંઠાની દુકાનોમાં ઘૂસી ગયા હતા, જ્યારે સુકનેરા ડેમ પણ ઓવરફ્લો થયો હતો. લાઠી અને લિલીયા પંથકમાં પણ મેઘરાજા મહેરબાન થયા છે. લિલીયાના એકલેરા અને ગુદરણ સહિતના ગામો તેમજ લાઠીના ઈંગોરાળા અને હાવતડ પંથકમાં સારો વરસાદ નોંધાયો છે. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોના ચહેરા પર આ વરસાદે સ્મિત રેલાવી દીધું છે. તો બીજી તરફ, કુકાવાવ પંથકમાં ધીમીધારે વરસાદ શરૂ થયો છે. અમરાપુર, બરવાળા અને બાવીસી ગામમાં મેઘરાજાના હેતથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. ભારે વરસાદના કારણે જાફરાબાદ પંથકમાં પૂર જેવી સ્થિતિ સર્જાતા પોલીસ જવાનો સ્થાનિક લોકો માટે દેવદૂત બન્યા છે. વઢેરા ગામે કમર સુધીના પૂરમાં જીવના જોખમે ઉતરીને પોલીસે બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. મુશ્કેલ સમયમાં બજાવેલી આ પ્રશંસનીય ફરજને કારણે સમગ્ર પંથકમાં જાફરાબાદ પોલીસની માનવતા અને બહાદુરીના વખાણ થઈ રહ્યા છે. એક તરફ વરસાદી આનંદ વચ્ચે ધારીના ખોડીયાર ડેમના દરવાજા ખોલવામાં આવતા શેત્રુજી નદીના વહેણમાં શરદભાઈ કાછડીયા નામના ખેડૂત તણાઈ ગયા હતા. ૧૨ કલાકની સઘન શોધખોળ બાદ તેમનો મૃતદેહ નદી કિનારેથી મળી આવતા સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

# રાંદેર વિસ્તારમાં આકાશી વીજળી ત્રાટકતાં બે માસૂમ બાળકોના કરુણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાં વરસી રહેલા તોફાની વરસાદ વચ્ચે એક અત્યંત હૃદયદ્રાવક અને કાળજું કંપાવતી ઘટના સામે આવી છે. સુરતના રાંદેર વિસ્તારમાં અચાનક ભારે ગડગડાટ સાથે આકાશી વીજળી ત્રાટકી હતી. આ કુદરતી આફતની ચપેટમાં આવી જતાં ત્યાં હાજર બે માસૂમ બાળકોના કરુણ મોત નીપજ્યા છે. મૃતક બંને બાળકો રાંદેરના સ્થાનિક કિનારા સ્ટ્રીટ વિસ્તારના જ રહેવાસી હોવાનું માલૂમ પડ્યું છે, જેના કારણે આખો મહોલ્લો સ્તબ્ધ થઈ ગયો છે. વરસાદ દરમિયાન અચાનક વીજળી પડતાં જ બંને બાળકો ઘટનાસ્થળે જ ગંભીર રીતે દાઝી ગયા હતા અને બેભાન થઈને ઢળી પડ્યા હતા. આસપાસના સ્થાનિક લોકો અને પરિવારજનો દ્વારા અત્યંત ગભરાટના માહોલ વચ્ચે બંનેને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ શરીરની ચકાસણી કરીને બંને બાળકોને મૃત જાહેર કર્યા હતા.

# છોટા ઉદેપુરના મોટી ઝુડલી ગામે બે બાળકીઓના ડૂબી જતા મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં આવેલા મોટી ઝુડલી ગામે પાણીની પાઈપલાઈન લીક થવાના કારણે ભરાયેલા પાણીના ઊંડા ખાડામાં ડૂબી જવાથી બે માસૂમ બાળકીઓના કરુણ મોત નીપજ્યા હતા.

આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી અનુસાર, મોટી ઝુડલી ગામમાં રહેતા બુધારિયા ભીલની બે દીકરીઓ ઘર નજીક રમી રહી હતી. ગામમાંથી પસાર થતા કોઝવેની બાજુમાં જ સરકારી પાઈપલાઈન લીક હોવાના કારણે એક મોટા ખાડોમાં પાણી ભરાયું હતું. આ દરમિયાન બંને બાળકીઓ રમતાં-રમતાં અચાનક આ પાણી ભરેલા ઊંડા ખાડામાં પડી ગઈ હતી. ખાડો ઊંડો હોવાના કારણે બંને બાળકીઓ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

મૃતક બાળકીઓના નામ

નીરુમતિ બુધારિયાભાઈ ભીલ (ઉંમરઃ ૪.૫ વર્ષ)

મીનાક્ષી બુધારિયાભાઈ ભીલ (ઉંમરઃ ૩.૫ વર્ષ)

એક જ પરિવારની બે સગી બહેનોના આ રીતે ડૂબી જવાથી મોતના પગલે માતા-પિતામાં ભારે આક્રંદ જોવા મળી રહ્યો છે. હાલમાં આ મામલે સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જ્યારે ગ્રામજનો જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવાની માંગ કરી રહ્યા છે.

### અભિયાનના છઠા દિવસે અંદાજે ૨૩ હજારથી વધુ વસ્તુઓનું સમારકામ કરવામાં આવ્યું

# "નમો સ્વચ્છતા અભિયાન"માં અત્યાર સુધીમાં કુલ ૫.૪૯ લાખથી વધુ બિનઉપયોગી વસ્તુઓની ઓળખઃ કુલ ૫.૦૩ લાખથી વધુ વસ્તુઓનો સ્થળ પર નિકાલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલ "નમો સ્વચ્છતા અભિયાન" અંતર્ગત આજે રાજ્યની સબ સેન્ટરથી લઈને મેડિકલ કોલેજ અને હોસ્પિટલો સુધીની તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ ખાતે વ્યાપક સ્તરે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં છઠા દિવસે રાજ્યભરની ૧૨ હજારથી વધુ આરોગ્ય સંસ્થાઓમાં ૩૮ હજારથી વધુ બિનઉપયોગી વસ્તુઓની ઓળખ કરવામાં આવી છે અને કુલ ૪.૪૭ લાખથી વધુ વસ્તુઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો છે, જેના પરિણામે ૧૬૫ જેટલા ઓરડાઓ ખાલી થયા છે, જે આગામી સમયમાં દર્દીઓની સુવિધા માટે ઉપયોગમાં લઈ શકાશે. જ્યારે બાકી રહેલી બિનઉપયોગી વસ્તુઓની નિયમાનુસાર નિકાલ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

આ ઉપરાંત અભિયાનના છઠા દિવસે અંદાજે ૨૩ હજારથી વધુ વસ્તુઓ જેવી કે લાકડા/લોખંડના ફર્નિચર, એમ્બ્યુલન્સ, સરકારી વાહનો, ઈલેક્ટ્રોનિક્સ/આઈ.ટી. ઉપકરણો અને તબીબી ઉપકરણોનું સફળતાપૂર્વક સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

આરોગ્ય વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર, છ દિવસમાં અત્યાર સુધી રાજ્યભરની ૧૨ હજારથી વધુ આરોગ્ય સંસ્થાઓમાં કુલ ૫,૪૯,૮૯૭ લાખથી વધુ બિનઉપયોગી વસ્તુઓની ઓળખ કરવામાં આવી છે અને ૫,૦૩,૩૨૯ લાખથી વધુ વસ્તુઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો છે, જેના પરિણામે કુલ ૧,૬૭૭ જેટલા ઓરડાઓ ખાલી થયા છે, જે આગામી સમયમાં ઉપયોગમાં લઈ શકાશે.

આ ઉપરાંત અંદાજે ૩૪,૧૬૬ જેટલું લાકડા/લોખંડના ફર્નિચર, એમ્બ્યુલન્સ, સરકારી વાહનો, ઈલેક્ટ્રોનિક્સ/આઈ.ટી. ઉપકરણો અને તબીબી ઉપકરણોનું સફળતાપૂર્વક રીપેરિંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

આ સઘન અભિયાન હેઠળ મુખ્યત્વે હોસ્પિટલ પરિસરમાંથી સ્ક્રેપ,ભંગાર, જંક અને બિનઉપયોગી મટીરીયલનો યોગ્ય નિકાલ, બિલ્ડીંગ તથા કેમ્પસની સઘન સાફ-સફાઈ, શુદ્ધ પીવાના પાણીની ઉપલબ્ધતા અને પાઈપલાઈનનું જરૂરી સમારકામ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત હોસ્પીટલમાં દર્દીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફાયર અને ઈલેક્ટ્રિકલ સેફ્ટી, ફર્નિચરનું સમારકામ, માઈનર સીવીલ વર્કસ તેમજ ઈન્ફેકશન પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ જેવી અત્યંત મહત્વપૂર્ણ કામગીરીઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની ગરિમામય ઉપસ્થિતિમાં ગાંધીનગર સ્થિત એસ્ઈજી ઓડિટોરિયમ ખાતેથી આ "નમો સ્વચ્છતા અભિયાન"નો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વિશેષ સફાઈ મહાઅભિયાન તા. ૧ થી ૭ જુલાઈ, ૨૦૨૬ સુધી સમગ્ર રાજ્યમાં ચલાવવામાં આવી રહ્યું છે. - હરેશ્વરી રાબા


## પશ્ચિમ રેલ્વે-રતલામ ડિવિઝન

### ઈ-ટેન્ડર સૂચના

•ટેન્ડર નંબરઃ SnT_RTM_W_26_15_સિગ્નલ •તારીખઃ 02.07.2026 •કામનું નામઃ નીચેના કામના સંદર્ભમાં S&T સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગઃ રતલામ ડિવિઝનના નાગડા-ભોપાલ વિભાગ (અકોડિયા, શુજલપુર, કાલાપીપલ, જાબરી, પરબતી, બકતાલ, સિહોર, પંચવન, બકાનિયન ભૌનરી) ના 9 સ્ટેશનો પર ઇન્ડોર સિગ્નલિંગ ગિયર્સ (નવા EI સાથે PI) અને સંકળાયેલ આઉટડોર કાર્યનું રિપ્લેસમેન્ટ. • ટેન્ડરની જાહેરાત કરેલ કિંમતઃ રૂ. 33,02,93,402.53/- • બિડ સિક્યોરિટી/બાનાની રકમ : રૂ. 66,05,900.00/-. • બિડ બંધ કરવાનો સમય અને તારીખઃ 31.07.2026 ના રોજ 15.00 કલાકે. •ટેકનિકલ બિડ ખોલવાની તારીખ અને સમયઃ 31.07.2026 ના રોજ 15.30 કલાક પછી. • કોમર્શીયલ બિડ ખોલવાની તારીખ અને સમયઃ ટેકનિકલ બિડના મૂલ્યાંકન પછી તારીખ જણાવવામાં આવશે. • પૂર્ણતા સમયગાળોઃ 24 મહિના. •ટેન્ડરિંગ વિભાગ કાર્યાલય ઇન્ચાર્જ અને બિડ ખોલવાનું સ્થળઃ નાયબ Dy. CSTE Works, રતલામ, DRM ઓફિસ, રતલામ (M.P.). •ટેન્ડર ઓનલાઈન ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર જોઈ શકાય છે અને ઓફર તે જ ઈ-ટેન્ડર પોર્ટલ પર સબમિટ કરવાની રહેશે.

CRY/06/126

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



## પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

**સ્ટેશનો ખાતે ૧૫ લિફ્ટ્સની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ અને પેન્ટ્રી માં ઈલેક્ટ્રિકલ સાધનો માટે સુધારાત્મક જાળવણી કોન્ટ્રાક્ટ**

ઈ-ટેન્ડર નોટીસ નં. સિની.ડીઈઈ/એડીઆઈ/૧૬(૨૬-૨૭) તા.૦૩-૦૭-૨૦૨૬

| અનું. નં. | ટેન્ડર નં. | કામનું નામ | અંદાજીત પડતર | ઈએમડી |
|---|---|---|---|---|
| ૦૧ | ઈએલ-એડીઆઈ-જી-ટી-૧૬-૨૦૨૬-૨૭ | અમદાવાદ ડિવિઝન - ૦૭ સ્ટેશનો (ડાંગરવા, ઝુલાસણ, જગુદણ, ચાંદખેડા રોડ, આંબલી રોડ, વિસનગર, આડેસર) ખાતે ૧૫ લિફ્ટ્સની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. | ₹ ૫,૩૯,૩૩,૮૮૯/- | ₹ ૧૦,૭૮,૭૦૦/- |
| ૦૨ | ઈએલ-એડીઆઈ-જી-ટી-૧૮-૨૦૨૬-૨૭ | અમદાવાદ ડિવિઝન - કોચિઝ અને પેન્ટ્રી કાર્સમાં ૦૨ વર્ષ માટે પેન્ટ્રીના ઈલેક્ટ્રિકલ ઉપકરણો માટે સુધારાત્મક જાળવણી કોન્ટ્રાક્ટ. | ₹ ૨,૮૬,૯૧,૮૪૮.૬૨/- | ₹ ૫,૭૩,૮૦૦/- |

**બંને ટેન્ડરો માટે : જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.૩૦-૦૭-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી તે પછી નહીં અને તા.૩૦-૦૭-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટઃ** www.ireps.gov.in

ADI-092

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

# ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવે રામ મંદિરમાં ભેટ ધરેલી ૮૦૦ ગ્રામ સોનાની રામચરિતમાનસ ગાયબ??

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

અયોધ્યાના રામ મંદિરમાં દાન ચોરીના ચાલી રહેલા વિવાદ વચ્ચે ભારત સરકારના ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવ એસ. લક્ષ્મીનારાયણના સનસનાટી ભર્યા નવા આક્ષેપથી ચકચાર મચી છે. ૧૯૭૦ ના બેચના ભૂતપૂર્વ IAS ઓફિસરે ગંભીર આરોપ લગાવ્યો હતો કે તેમણે મંદિરને ભેટમાં આપેલી આશરે સવા ક્વિન્ટલ વજનની ૮૦૦ ગ્રામ સોનુ જડેલી અત્યંત કીમતી શ્રી રામચરિતમાનસ પોથી મંદિરમાંથી ગાયબ થઈ ગઈ છે. તેમણે પોતાની સ્વર્ગસ્થ માતાના દાગીના ઓગાળીને આ વિશેષ પોથી પર ગોલ્ડ પ્લેટિંગ કરાવી હતું. અને ૨૦૨૪ ની ૮ એપ્રિલે સ્થાનિક પોલીસની મદદથી એને સ્થાપિત કરી હતી. પરંતુ થોડા મહિના પછી એ અદ્રશ્ય થઈ ગઈ હતી.

ભૂતપૂર્વ ગૃહ સચિવે પોતાની પીડા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ મામલે જ્યારે તેમણે રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપતરાય નો સંપર્ક કર્યો ત્યારે ચંપતરાય નું વલણ અત્યંત ઉપેક્ષા ભર્યું હતું. અને ચંપતરાયે કહ્યું હતુ કે હું જેમ ધારીશ એમ જ થશે. એમ કહીને એસ.લક્ષ્મી નારાયણને ધુત્કારી કાઢ્યા હતા અને રસીદ આપવાનો પણ ઈનકાર કર્યો હતો.

આ અંગે લક્ષ્મીનારાયણે ૫૦ જેટલા વોટ્સએપ મેસેજ અને ૧૨ પત્રો લખ્યા હોવા છતાં તેમને કોઈ સંતોષકારક જવાબ કે દાનની કાયદેસર રસીદ પણ મળ્યા નથી.

### વીજ પોલના વળતરને લઈ રાજકોટ જિલ્લાના ખેડુતો મેદાનેઃ ખેડુત પ્રતિનિધિનો સમાવેશ નહી

# વીજ પોલના વળતર મુદ્દે રાજકોટના ખેડુતો લડાયક મુડમાંઃ પડધરીમાં ટ્રેકટર રેલી યોજી આવેદનપત્ર આપ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબી ના જેતપર બાદ હવે વીજ પોલના વળતરનો મુદ્દો રાજકોટ જિલ્લામાં પણ ગરમાયો છે. રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં ખેડુતોએ બાંયો ચઢાવી છે અને પોતાના હક્કની લડાઈ માટે ખેડુત હિતરક્ષક સમિતિની રચના કરી છે.

આજે સોમવારે મોટી સંખ્યામાં ખેડુતો અને આગેવાનો એકત્રિત થઈને એક વિશાળ ટ્રેકટર રેલી યોજી હતી. જેના કારણે રાજકોટ-દ્વારકા હાઈવે પર ચક્કાજામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ખેડુતોની મુખ્ય માંગણીઓ સ્પષ્ટ છે. સરકાર દ્વારા નકકી કરવામાં આવેલ વળતર તેમને મંજુર નથી, ખેડુતો ઈચ્છે છે કે તેમને જમીનનુ વળતર બમણુ નહી પરંતુ ચાર ગણુ મળે, આ ઉપરાંત ખેડુતોએ એક વિકલ્પ પણ મુકયો છે કે સરકાર તેમની જમીન લીઝ પર લે અને ખેડુતો સાથે ભાડા કરાર કરે, ખેડુતોની એવી પણ માંગ છે કે, જેમ વિજળીના યુનિટના ભાવમાં વધારો થાય તેમ ખેડુતોના ભાડામાં પણ સમયાંતરે વધારો કરવામાં આવે, આ સમગ્ર પ્રક્રિયામાં ખેડુતોનો સૌથી મોટો આક્રોશ એ વાતનો છે કે સરકાર દ્વારા જમીનના ભાવ નકકી કરવા માટે જે સમિતિ બનાવવામાં આવી છે. તેમાં કંપની અને કલેકટર તંત્રના અધિકારીઓ તો છે પરંતુ ખેડુત પ્રતિનિધિનો કોઈ પણ સમાવેશ




કરવામાં આવ્યો નથી. રેલીના કારણે હાઈવે પર ટ્રાફીક જામ થતા પડધરી પોલીસ તાત્કાલીક ઘટનાસ્થળે પહોચી હતી અને ટ્રાફીક હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી. ખેડુતોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ હતું. અને જો તેમની માંગણીઓ સંતોષવામાં નહી આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી ઉચ્ચારી છે.

# જેતપરમાં ખેડુત આંદોલનમાં નેહુલ અમૃતીયાની તબિયત લથડીઃ આજે સોમવારે રાત્રે પારણા સાથે આંદોલન પાર્ટ-૩ નુ રણશીંગુ ફુંકાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબીના જેતપર ગામે વિવિધ સ્થાનિક પ્રશ્નો અને માંગણીઓને લઈને ચાલી રહેલુ પ્રચંડ ઉપવાસ આંદોલન આજે સોમવારે ૧૯ માં દિવસે એક નિર્ણાયક વળાંક પર પહોચ્યુ છે. છેલ્લા ૧૯ દિવસથી આમરણાંત ઉપવાસ પર બેઠેલા આંદોલનકારી નેહુલ અમૃતીયાની તબિયત અચાનક આજે લથડી હતી. સતત ઉપવાસના કારણે તેમના શરીરમાં નબળાઈ આવી જતા અને સ્વાસ્થ્ય બગડતા તેમને તાત્કાલીક અસરથી વધુ સારવાર અર્થે મોરબીની હોસ્પિટલમાં ખસેડવામાં




આવ્યા છે. જેતપર ગામ અને સમગ્ર મોરબી પંથકમાં આ આંદોલનને લઈને ભારે ઉત્તેજના અને સમર્થનનો માહોલ જોવા મળી રહ્યો છે. નેહુલ અમૃતીયાની તબિયત નાજુક બનતા અને વહિવટી તંત્ર સામે આક્રોશ વધતા હવે આંદોલનકારીઓ દ્વારા નવી રણનીતી ઘડવામાં આવી છે. આંદોલન સમિતિ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે કે આજે સોમવારે રાત્રે તમામ ઉપવાસીઓના પારણા કરાવીને ઉપવાસ આંદોલનનો આ તબકકો સમેટવામાં આવશે.

જો કે આ આંદોલન અહી પુરૂ નથી થઈ રહ્યુ, આગેવાનોએ સ્પષ્ટ કહ્યુ છે કે આજે સોમવારે રાત્રે જ પારણા કરવાની સાથે જ આંદોલન પાર્ટ-૩ માટેની એક બહુમોટી અને આક્રમક જાહેરાત કરવામાં આવશે, માંગણીઓ સંતોષવામાં તંત્રની ઉદાસીનતા સામે હવે લડતને વધુ ઉગ્ર અને વ્યાપક સ્વરૂપ આપવામાં આવશે. જેતપર પંથકના લોકો અને આંદોલનકારીઓ આગામી રણનીતીમાં કયુ મોટુ પગલુ ભરે છે તેના પર હવે આખા જિલ્લાની નજર મંડાયેલી છે.

# ગ્રાહકની પૂર્વ મંજુરી વિના પણ લગાડી શકાશે સ્માર્ટ મીટરઃ વીજ લોકપાલનો મોટો ચુકાદો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ઈલેકટ્રીક સીટી રેગ્યુલેટરી કમિશન ના વીજ પાલે સ્માર્ટ મીટરના વિવાદ અંગે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય સંભળાવ્યો છે. આ ચુકાદા અનુસાર હવેથી વીજ વિતરણ કંપનીઓ માટે ગ્રાહકોના ઘરે સ્માર્ટ મીટર લગાડવા કે જુના મીટર બદલવા માટે ગ્રાહકની પૂર્વ સંમંતિ લેવી કાનુની રીતે ફરજીયાત નથી. વીજ લોકપાલના આ સ્પષ્ટ વલણ બાદ સ્માર્ટ મીટરને લઈને રાજયભરમાં ચાલી રહેલી ગેરસમજો અને વિવાદોનો અંત આવ્યો છે. આ નિર્ણયને ગ્રાહકો તેમજ કંપનીઓ માટે ખુબ જ મહત્વનો માનવામાં આવી રહ્યો છે.

વીજ લોકપાલે પોતાના ચુકાદામાં સ્પષ્ટપણે જણાવ્યુ છે કે જો વીજ




કંપનીઓ નિયમ મુજબ સ્માર્ટ મીટર સ્થાપિત કરવાની કામગીરી કરે તો તે માટે ગ્રાહકની લેખિત કે મૌખિક મંજુરીની કોઈ જરૂર નથી, આ સાથે ગ્રાહકો માટે એક મહત્વની બાબત એ પણ સ્પષ્ટ કરવામાં આવી છે કે એકવાર સ્માર્ટ મીટર લાગી ગયા પછી, જુનુ મીટર ફરીથી લગાવી આપવાની ગ્રાહકની કોઈપણ માંગને કાયદાકીય રીતે માન્ય રાખવામાં આવશે નહી. આ ચુકાદો વડોદરાના પ્રતાપનગર વિસ્તારના રહેવાસી મહેન્દ્ર પટેલ દ્વારા દાખલ કરવામાં આવેલી એક અરજીના સંદર્ભમાં આવ્યો છે. અરજદારે સ્માર્ટ મીટર સામે અનેક વાંધાઓ ઉઠાવ્યા હતા. પરંતુ વીજ લોકપાલે નોંધ્યુ કે અરજદાર સ્માર્ટ મીટરમાં કોઈ ટેકનીકલ ખામી, રીડીંગમાં ગરબડ કે ખોટા બીલ અંગેના કોઈ નકકર અને પુરતા પુરાવા રજુ કરી શકયા નથી. માત્ર આશંકાઓના આધારે જુનુ મીટર પાછુ લગાડવાનો કોઈ કાનુની આધાર બનતો ન હોવાથી તેમની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવી નથી. ચુકાદામાં ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને જણાવવામાં આવ્યુ છે કે જો કોઈ ગ્રાહકને સ્માર્ટ મીટરની ચોકસાઈ કે બીલીંગ અંગે કોઈ શંકા હોય તો તેના નિવારણ માટે કાનુની વ્યવસ્થા પહેલેથી જ હાજર છે.

ગ્રાહકો શંકાના આધારે મીટરને ખામીયુકત ગણાવવાને બદલે નિર્ધારીત પ્રક્રિયા હેઠળ સ્માર્ટ મીટરનુ થર્ડ પાર્ટી ટેસ્ટીંગ કરાવી શકે છે. આ નિષ્પક્ષ ટેકનીકલ પરીક્ષણ દ્વારા મીટરની ચોકસાઈની તપાસ કરી શકાશે, જો ભવિષ્યમાં આવા વિવાદોના ઉકેલ માટે માર્ગદર્શક બનશે.

# જૈશના ૮ આતંકીમાંથી ૩ને લઈને ATSની ટીમ પાલનપુરના ભાગળ ગામ પહોંચી

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલનપુર

હાલમાં જ ગુજરાત એટીએસએ રથયાત્રા પહેલા જ એક મોટી સફળતા મેળવી અને ખતરનાક ૮ આતંકીઓની ધરપકડ કરી હતી. ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ (ATS) દ્વારા કરવામાં આવેલી આ સંયુક્ત કાર્યવાહીમાં ગુજરાત અને મધ્યપ્રદેશના અલગ-અલગ જિલ્લાઓમાંથી આ આતંકીઓને દબોચી લેવામાં આવ્યા હતા. પકડાયેલા આ આતંકીઓ પ્રતિબંધિત આતંકી સંગઠન જૈશ એ મોહમ્મદ સાથે સંકળાયેલા હતા. આજે એટીએસ પકડાયેલામાંથી ૩ શખ્સોને લઈને પાલનપુરના ભાગળ ગામ પહોંચી. એટીએસે પકડેલા ૮ ઈસમોમાંથી ૩ ઈસમો બનાસકાંઠાના પાલનપુરના ભાગળ ગામના રહીશ છે. એટીએસ અહેમદ અબ્દુલ ગાઝીવાલા, ઈબ્રાહીમમહમદ હુસેન ઘઘા અને મુદદસીર અબ્દુલ્લા ગાઝીવાલાને તેમના ગામ ભાગળ લઈને પહોંચી. અત્રે જણાવવાનું કે ગુજરાતમાં જૈશ-એ મોહમ્મદનું નેટવર્ક સક્રિય કરવા માટે આતંકવાદીઓ કામગીરી કરી રહ્યા હતાં. ગુજરાત એટીએસ દ્વારા પૂછપરછ દરમિયાન જૈશ-એ મોહમ્મદનું નેટવર્ક સક્રિય કરવા માટે આતંકવાદીઓ કામગીરી કરી રહ્યા હોવાનો ખુલાસો પણ થયો છે.ભાગળ ગામેથી ઝડપાયેલા આ આરોપીઓનું એટીએસ રિમાન્ડ દરમિયાન તપાસના ભાગ રૂપે ઘટનાના રિકન્સ્ટ્રક્શન માટે તેમના ગામ લાવવામાં આવ્યા. તપાસ દરમિયાન આરોપીઓની હિલચાલ, તેમના સંપર્કો, અન્ય મહત્વપૂર્ણ જાણકારી મેળવવામાં આવી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ તપાસ હાથ ધરવામાં આવી. ગુજરાત એટીએસની ટીમે મધ્ય પ્રદેશ અને ગુજરાતમાં ઓપરેશન હાથ ધરીને આ ૮ આતંકીઓની ધરપકડ કરી હતી. બાતમીના આધારે અલગ અલગ ૫ ટીમો બનાવીને મોટું ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. આ તમામ ૮ આરોપીઓ ગુજરાત રાજ્યમાં આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવા માટે સક્રિયપણે પોતાનું નેટવર્ક મજબૂત કરી રહ્યા હતા. તેઓ રાજ્યમાં શાંતિ અને સુરક્ષાને ડહોળવાનું મોટું કાવતરું ઘડી રહ્યા હતા. જોકે, ગુજરાત ATSની સતર્કતાને કારણે આ આતંકીઓના મનસૂબા પર પાણી ફરી વળ્યું છે. એટીએસ દ્વારા ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા, નવસારી, પાટણ અને મધ્ય પ્રદેશના દેવાસમાંથી ૮ લોકોની ધરપકડ કરી હતી.

# રાજયપાલ આચાર્ય દેવવ્રત સાથે ગેસ કેડરમાંથી આઈએએસમાં પ્રમોટ થયેલા અધિકારીઓની શુભેચ્છા મુલાકાત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ, જીએએસ કેડરમાંથી ઈન્ડીયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ, આઈએએસ કેડરમાં પ્રમોટ થયેલા અધિકારીઓએ આજે સોમવારે ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજયપાલ આચાર્ય દેવવ્રત સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી. રાજયપાલે તમામ અધિકારીઓને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

આ તકે રાજયપાલે જણાવ્યુ હતુ કે ઈશ્વરે આપણને બધાને સમાજ અને પ્રજાની સેવા કરવાનો બહુ મોટો અવસર આપ્યો છે. દરેક વ્યકિત પોતાના જીવનમાં કોઈને કોઈ વિશેષતા લઈને જન્મે છે અને જો તે વિશેષતા પર ધ્યાન કેન્દ્રીત કરીને કામ કરવામાં આવે તો સમાજને તેનો મોટો લાભ મળે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જે રીતે વિકસિત ભારત ૨૦૪૭ ના સંકલ્પને આગળ વધારી રહ્યા છે, તેમાં આપણે સૌએ સાથે મળીને આવનારી પેઢીઓ માટે યોગદાન આપવુ જ જોઈએ. લોકોની સેવા એ જ આત્મસંતોષ અને સુખ મેળવવાનુ સર્વોત્તમ માધ્યમ છે. બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓએ પોતાના અનુભવો વર્ણવતા જણાવ્યુ હતુ કે તેઓ વર્ષ ૨૦૦૫ થી ગુજરાતમાં વહિવટી સેવાઓ આપી રહ્યા છે.

વર્ષ ૨૦૦૫ પછીનો સમયગાળો ઈ-ગર્વનન્સ સંક્રાંતિ કાળ હતો. જેમાં ઈલેકટ્રોનીક સિસ્ટમ દાખલ થઈ હતી. તે સમયે મહેસુલી રેકોર્ડ, રેશનકાર્ડ અને જમીન નોંધણીના જુના રેકોર્ડસને કોમ્પ્યુરાઈઝડ કરવા માટે ભારે સંઘર્ષ કરવો પડયો હતો અને લોકોને આ નવી વ્યવસ્થા સમજાવવી પડી હતી. રાજયપાલે અધિકારીઓની



આ મહેનતને બિરદાવતા કહ્યુ હતુ કે તમારી આ મહેનત આવનારી પેઢીઓને ખુબ કામ લાગશે.

રાજયપાલે તમામ નવનિયુકત આઈએએસ અધિકારીઓને અપીલ કરી હતી કે તેઓ ફિલ્ડમાં પોતાના પોસ્ટીંગ દરમિયાન પ્રાકૃતિક કૃષિ મિશનમાં વિશેષ રૂચી દાખવે, તેમણે પર્યાવરણ અને સ્વાસ્થ્ય ની ચિંતા કરતા કહ્યુ કે જો આ પૃથ્વી પર શરીર અને જીવન જ સુરક્ષિત નહી હોય, તો કશુ જ બચશે નહી. ના કોઈ સંબંધો રહેશે, ના કોઈ હોદ્દો, રાસાયણિક ખાતરોથી આખુ વાતાવરણ દુષિત થઈ ગયુ છે અને હોસ્પિટલો બિમાર લોકોથી ઉભરાઈ રહી છે. તેથી સમાજના કલ્યાણ અને લોકોના સ્વાસ્થ્ય માટે તમે જયાં પણ પોસ્ટીંગ મેળવો ત્યાં પ્રાકૃતિક ખેતીના વ્યાપ માટે વહિવટી સ્તરે સક્રિય યોગદાન આપજો,

# અસલી બ્રાન્ડના નામે સુરતમાં ચાલતો ગોરખધંધો : ડુપ્લીકેટ લાઈઝોલ અને નકલી શેમ્પુથી ગ્રાહકોને નવડાવતો ભેજાબાજ ઝડપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જાણીતી બ્રાન્ડના નામે ડુપ્લીકેટ પ્રોડકટ બનાવીને ગ્રાહકોને છેતરતા એક મોટા આંતરરાજય નેટવર્કનો પર્દાફાશ થયો છે. સુરત જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે પલસાણા પોલીસ મથકની હદમાં આવેલા જોળવા ગામના એક શોપીંગ સેન્ટરમાં ઓચિંતો દરોડો પાડયો હતો.

આ કાર્યવાહી દરમિયાન જાણીતી કંપનીઓના નામે વેચાતો લાખો રૂપીયાનો નકલી માલસામાન મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી રૂપીયા ૧૩.૨૨ લાખથી વધુના મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સુરત ગ્રામ્ય એલસીબીની ટીમ જયારે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. ત્યારે તેમને જોળવા ગામમાં નકલી બ્રાન્ડેડ વસ્તુઓ બનાવતી ફેકટરી ચાલતી હોવાની ચોકકસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે શિવ પેલેસ શોપીંગમાં દરોડા પાડયા હતા. તપાસ દરમિયાન ત્યાં હિન્દુસ્તાન યુનિલીવર, રેકીટ બેન્કીસર અને ઈમામી લીમીટેડ જેવી દેશની પ્રતિષ્ઠિત અને અગ્રણી કંપનીઓના નામે બનાવવામાં આવતી ડુપ્લીકેટ પ્રોડકટનો મસમોટો જથ્થો જોઈને પોલીસ પણ ચોકી ઉઠી હતી. આ ગેરકાયદેસર ફેકટરીમાં તપાસ કરતા જાણીતી બ્રાન્ડના આબેહુબ પેકીંગમાં તૈયાર કરાયેલા ડુપ્લીકેટ લાઈઝોન (ફલોર કલીનર), હારપીક (ટોઈલેટ કલીનર) અને સનસિલ્ક શેમ્પુ મળી આવ્યા હતા. આ પ્રોડકટના ઉત્પાદન કે વેચાણ અંગે આરોપી પાસે કોઈપણ પ્રકારનુ અધિકૃત બીલ, લાયસન્સ કે કાનુની આધાર ન હતો. પોલીસે સ્થળપરથી નકલી લાઈઝોલ ૪૩૦ કેન, નકલી હારપીક ૫૩૨ કેન, ડુપ્લીકેટ શેમ્પુ ની મોટી સંખ્યામાં બોટલો સાથે તમામ ચીજવસ્તુઓ સહિત કુલ ૧૩,૨૨,૪૩૬ રૂપીયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.



આ કૌભાંડ આચરનારા મુખ્ય આરોપી વિવેક દિપકભાઈ ફળદુ (હાલ રહે. શગુન રેસીડેન્સી , કામરેજ, મળ રહે. ખીજડીયા ગામ , કાલાવાડ, જામનગર) ની પોલીસે અટકાયત કરી છે. પ્રાથમિક પુછપરછમાં બહાર આવ્યુ છે કે આરોપી નકલી પ્રોડકટ તૈયાર કરવા માટે ખાલી કેન અને કંપનીના ઓરીજનલ જેવા જ દેખાતા આબેહુબ સ્ટીકરો ઉત્તર પ્રદેશથી મંગાવતો હતો. ત્યારબાદ સ્થાનિક બજારમાંથી સસ્તુ લુઝ કેમિકલ અને મટીરીયલ લાવીને આ બોટલોમાં ભરી દેતો હતો. બ્રાન્ડેડ પેકીંગ તૈયાર થઈ ગયા બાદ તે વિવિધ ઓનલાઈન શોપીંગ પ્લેટફોર્મ દ્વારા ગ્રાહકોને અસલી કહીને પધરાવી દેતો હતો.

આ આંતરરાજય કૌભાંડનો પર્દાફાશ થતા જ પોલીસે સંબંધિત બ્રાન્ડેડ કંપનીઓના લીગલ ઓફીસરોને બોલાવની કાયદાકીય જાણ કરી દીધી છે. બ્રાન્ડેડ કંપનીઓના નામે ઓનલાઈન છેતરપીંડી આચરતા આ નેટવર્કની જાળ સુરત જિલ્લા અને દક્ષિણ ગુજરાતમાં કેટલી ઉંડી ફેલાયેલી છે, આમા અન્ય કોઈ સ્થાનિક હોલસેલ વેપારીઓ સામેલ છે કે કેમ, તથા ઉત્તર પ્રદેશથી નકલી રો મટીરીયલ અને સ્ટીકરો સપ્લાય કરનારા મુખ્ય સુત્રધારો કોણ છે, તે તમામ દિશામાં સુરત ગ્રામ્ય એલસીબીએ તપાસના ચકો ગતિમાન કર્યા છે.

### નિર્દોષોને ન્યાય મળે તે માટે પોલીસ સતત કાર્યરતઃ ગુન્હાખોરી પર અંકુશ મેળવવા કવાયત

# સુરતમાં વાબાંગ જામીરે સંભાળ્યો ઈન્ચાર્જ પોલીસ કમિશ્નરનો પદભારઃ સુરક્ષા મજબુત બનાવવાની નેમ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેરના પોલીસ કમિશ્નર તરીકે અનુપમસિંહ ગેહલોતની બદલી બાદ વાબાંગ જામીરે ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર તરીકેનો કાર્યભાર સંભાળી લીધો છે. સુરત શહેરની સુરક્ષા વ્યવસ્થાને વધુ સધન અને મજબુત બનાવવા માટે રાજય સરકાર દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. વાબાંગ જામીર અગાઉ સુરતમાં જોઈન્ટ પોલીસ કમિશ્નર તરીકે ફરજ બજાવી ચુકયા હોવાથી તેમને શહેરના ભુગોળ અને ગુન્હાખોરીના પ્રકારોની સારી એવી સમજ છે, જે તેમને નવી




જવાબદારીમાં ખુબ જ કામ આવશે. પદભાર સંભાળ્યા બાદ મીડીયા સાથેની વાતચીતમાં તેમણે કડક વલણ દાખવતા જણાવ્યુ હતુ કે ગુન્હેગારો માટે શહેરમાં કોઈ સ્થાન નથી, તેમને કોઈપણ સંજોગોમાં છોડવામાં આવશે નહી, તેમણે સ્પષ્ટ કહ્યુ હતુ કે કાયદો અને વ્યવસ્થા જાળવવી એ તેમની પ્રાથમિકતા છે અને સામાન્ય નાગરીકો સુરક્ષિત અનુભવે તથા નિર્દોષોને ન્યાય મળે તે માટે પોલીસ સતત કાર્યરત રહેશે. સુરત જેવા ઝડપથી વિકસતા અને ગીચ વસ્તી ધરાવતા શહેરમાં સાયબર ક્રાઈમ, ટ્રાફીક વ્યવસ્થાપન અને ગુન્હાખોરી પર અંકુશ મેળવવો એ મોટો પડકાર છે. વાબાંગ જામીરના આગમન સાથે શહેરની પોલીસીંગ સિસ્ટમમાં નવી ઉર્જાનો સંચાર થશે તેવી આશા વ્યકત કરવામાં આવી રહી છે. ટુંક સમયમાં જ તેઓ શહેરના તમામ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી સુરક્ષાની સ્થિતિ અંગે સમીક્ષા કરશે.

# મંત્રી કૌશિક વેકરીયાના પ્રયાસોથી અમરેલીમાં રૂ.૫૫૫ લાખના કામોને પ્રાથમિક મંજુરી મળી

પ્રતિનિધિ,ગાંધીનગર

અમરેલી શહેરના સર્વાંગી વિકાસ માટે ડીસ્ટ્રીકટ મીનરલ ફાઉન્ડેશન (ડીએમએફ) યોજના હેઠળ કરોડો રૂપીયાના અત્યંત મહત્વકાંક્ષી પ્રકલ્પોને પ્રાથમિક મંજુરી મળી છે.

અમરેલીના ધારાસભ્ય અને ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાના પ્રયાસોથી કુલ રૂપીયા ૫૫૫ લાખના આ અદ્યતન કાર્યોને પ્રાથમિક મંજુરી અપાવવામાં ઐતિહાસિક સફળતા સાંપડી છે. આ યોજના અંતર્ગત અમરેલી નગરપાલિકા હસ્તકના ભકિતનગર વોટરવર્કસ ખાતે અંદાજીત રૂપીયા ૧૯૦ લાખના ખર્ચે ૧૫ લાખ લીટરની ક્ષમતા ધરાવતી આરસીસી ની



ઉંચી ટાંકી બનાવવાનુ અને અંબિકાનગર વોટરવર્કસ ખાતે પણ અંદાજીત રૂપીયા ૧૯૦ લાખના ખર્ચે એક ૧૫ લાખ લીટર ક્ષમતાની ભવ્ય ઉંચી ટાંકી બનાવવાનુ કામ મંજુર કરવામાં આવ્યુ છે. કુલ ૩૦ લાખ લીટરની પ્રચંડ ક્ષમતાવાળી નવી ટાંકીઓના પરીણામે શહેરના આ બંને ઝોનમાં છેવાડાના ઘર સુધી પુરતા ફોર્સથી શુધ્ધ પીવાનુ પાણી અવિરતપણે પહોચાડી શકાશે. જેનાથી આ વિસ્તારની વરસો જુની પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. વધુમાં પાણીની આ સુવિધા ઉપરાંત શહેરના તમામ વોર્ડ નં. ૧ થી ૧૧ ના વિવિધ આંતરીક રહેણાંક વિસ્તારો, સોસાયટીઓ તેમજ મુખ્ય રાજમાર્ગો ઉપર અંદાજીત રૂપીયા ૧૭૫ લાખના ખર્ચે આધુનિક અને ઉર્જા કાર્યક્ષમ એનર્જી સેવર સ્માર્ટ લાઈટો નાંખવાના કામને પણ પ્રાથમિક મંજુરી મળી છે.